# પ્રકરણ-૧
# વિષય પ્રવેશ

# પ્રકરણ-૧: વિષય પ્રવેશ

## (અ) વિભાગ-૧

- **પ્રસ્તાવના**
- **સશક્તિકરણનો અર્થ**
- **મહિલા સશક્તિકરણનો અર્થ**
- **મહિલા સશક્તિકરણ માટેના નિર્દેશકો**

**૧. શૈક્ષણિક સશક્તિકરણ**

- શૈક્ષણિક સશક્તિકરણનું મહત્ત્વ
- ભારતમાં મહિલા સાક્ષરતા પ્રમાણ
- ભારતમાં શિક્ષણ ક્ષેત્રે મહિલાઓની નોંધણી

**૨. આર્થિક સશક્તિકરણ**

- આર્થિક સશક્તિકરણનો અર્થ
- આર્થિક સશક્તિકરણનું મહત્વ
- મહિલાઓના આર્થિક સશક્તિકરણની પ્રક્રિયા
- ભારતમાં જાતિ આધારિત કામદારોનું વર્ગીકરણ
- ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં મહિલા રોજગારી
- ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતી મહિલા કામદારો
- મહિલા સશક્તિકરણ માટે સરકારની યોજનાઓ
- સૂક્ષ્મ ધિરાણ અને મહિલા સશક્તિકરણ
- સરકારી ક્ષેત્ર અને મહિલા સશક્તિકરણ
- મહિલા સશક્તિકરણ માટે સહકારી ક્ષેત્રનું મહત્ત્વ
- ભારતમાં સહકારી મંડળીઓનો વિકાસ

**૩. સામાજિક સશક્તિકરણ**

- સામાજિક સશક્તિકરણનો ખ્યાલ
- ભારતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ
- જાતિગત સમાનતા આંકના નિર્દેશકો
- મહિલા અને બાળ વિકાસ વિભાગ
- પંચવર્ષીય યોજનાઓ દરમિયાન આરોગ્ય અને પોષણ
- મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીયનીતિ ૨૦૦૧

- ભારતના સ્વાસ્થ્ય સંબંધિત નિર્દેશકો

**૪. કાયદાકીય સશક્તિકરણ**

- મહિલાઓ માટેની બંધારણીય જોગવાઇઓ
- મહિલા સશક્તિકરણ માટે મદદરૂપ માનવ અધિકાર સંબંધી રાષ્ટ્રસંઘના ઠરાવો
- મહિલાઓ પ્રત્યે તમામ પ્રકારના ભેદભાવો નાબૂદ કરવાનું હક્કપત્રક

**૫. રાજકીય સશક્તિકરણ**

- રાજકીય સશક્તિકરણનો અર્થ
- આઝાદીની ચળવળમાં મહિલાઓની ભાગીદારી
- મહિલા સંગઠનો અને મતાધિકાર
- ભારતમાં રાજકીય ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી
- પંચાયતીરાજમાં મહિલાઓની ભાગીદારી

- **મહિલા સશક્તિકરણના નિર્દેશકોની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથેની તુલના**
- **આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય ક્ષેત્રમાં મહિલા ભાગીદારી**
- **સહકારી ક્ષેત્ર અંગે વૈશ્વિક કક્ષાએ વિચારો**

## (બ) વિભાગ-૨

- **સમસ્યા કથન**
- **અભ્યાસનું મહત્વ**
- **અભ્યાસના હેતુઓ**
- **અભ્યાસની ઉત્કલ્પનાઓ**
- **અભ્યાસનું કાર્યક્ષેત્ર**
- **અભ્યાસની મર્યાદાઓ**
- **પ્રકરણ યોજના**
- **સંદર્ભ સૂચિ**

# પ્રકરણ-૧: વિષય પ્રવેશ

## વિભાગ-૧

### ૧.૧.૧ પ્રસ્તાવના :

ગાંધીજી કહેતા હતા કે ભારત દેશ ગણ્યા-ગાઠયાં શહેરોમાં નહીં, પરંતુ ગામડાઓમાં વસે છે. આજે દેશમાં ૫.૫ લાખથી વધુ ગામડા છે જેમાં દેશની ૮૮ ટકા વસ્તી ગામડામાં વસે છે. આથી જ ગાંધીજીએ ગામડાના વિકાસ પર વધુ ભાર મૂક્યો હતો. તેમણે આયોજનમાં વિકેન્દ્રીકરણ કરી ગ્રામ્ય સ્તરેથી આયોજન કરવાની વાત કરી છે. ગામડા આર્થિક તેમજ રાજકીય રીતે સ્વાયત્ત અને સ્વાવલંબી બને તે માટે એકબાજુ ખેતી અને ઉદ્યાગોનો વિકાસ કરી આર્થિક રીતે ગામડાના વિકાસની વાત કરવામાં આવી હતી. બીજી બાજુ પંચાયતીરાજ વ્યવસ્થા વડે ગામડાઓને રાજકીય રીતે સ્વાયત્ત બનાવવાનો ખ્યાલ હતો. તેઓ માનતા કે ગામડું સમૃદ્ધ થશે તો દેશ ચોક્કસ સમૃદ્ધ થશે એ ગાંધીજીનું સ્વપ્ન હતું, પરંતુ આજ સુધી સાકાર થઇ શક્યું નથી.

આપણા દેશમાં પ્રાચીન સમયથી ગોઠવાયેલી વ્યવસ્થા પ્રમાણે પુરુષો ઘરની બહારનો અને મહિલાઓ ઘરનો કાર્યભાર અને જવાબદારી સંભાળે છે. આજ સુધી પુરુષ પ્રધાન સમાજમાં પુરુષોએ વિકાસનું નેતૃત્વ સંભાળ્યું છે. ગામડાઓમાં મહિલાઓ ઘરની જવાબદારી ઉપરાંત ખેતી, પશુપાલન, ગૃહ ઉદ્યાગ વગેરે કામોમાં સહાયક કામગીરી કરી રહી છે, પરંતુ તેમાં મુખ્ય ભૂમિકા પુરુષની જ રહી છે. આથી મહિલાઓનો શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય રીતે પર્યાપ્ત પ્રમાણમાં વિકાસ થયો નથી.

મહિલાઓ શક્તિનો સ્ત્રોત છે અને દેશની વસ્તીનો અડધોઅડધ ભાગ છે. દેશનાં કુલ શ્રમદળમાં મહિલાઓનો ૧/૩ હિસ્સો છે. જે દેશના વિકાસ, પ્રગતિ અને સમૃદ્ધિમાં એક મજબૂત અને સુદૃઢ બળ તરીકે યોગદાન આપી શકે એમ છે, પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જયારે મહિલાઓ સશક્ત બને અને સમગ્ર વિકાસની પ્રક્રિયામાં ભાગ લે.

ભારતીય બંધારણમાં સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયના મૂલ્યોને ધ્યાનમાં રાખીને સામાજિક વ્યવસ્થામાં મહિલાઓનું રક્ષણ, ઉત્કર્ષ અને સમાજમાં તેમને યોગ્ય સ્થાન પ્રાપ્ત થાય તેમજ તે પુરુષ સમોવડી બને તે માટે વિવિધ અધિકાર જેવાકે, લગ્ન, મિલકત, છૂટાછેડા, ભરણ-પોષણ, વેતન, દહેજ, અનૈતિક દમન પ્રસૂતિ લાભ અને હિંસા સામે રક્ષણ વગેરે સંબંધિત અનેક કાયદાઓ અમલી બન્યા છે. આજે સમગ્ર રાષ્ટ્રમાં ગ્રામીણ અને શહેરી મહિલાઓના વિકાસ અને સશક્તિકરણ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં આવી રહ્યા છે.

આધુનિક સમયમાં ઝડપી ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે ગામ અને ગ્રામીણ ઉદ્યોગોની પડતી થઇ છે. ગામડાઓમાં રોજગારી અને અન્ય સુવિધાઓના અભાવે લોકો શહેરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે. ગામડાની પ્રજામાં શહેરોની તુલનામાં ગરીબી, નિરક્ષરતા, અજ્ઞાનતા, જાતિગત ભેદભાવ, કુરિવાજો, અંધશ્રદ્ધાઓ પર આધારિત પરંપરા જેવા સામાજિક દૂષણો વધુ જોવા મળે છે. જેનો ભોગ મોટે ભાગે મહિલાઓ બને છે. મહિલાઓ આજે પણ હિંસા, અત્યાચાર, શોષણ, અન્યાય વગેરેનો સામનો કરી રહી છે. આજે મહિલાઓની આ પરિસ્થિતિને સુધારવા માટે મહિલાઓનું સશક્તિકરણ કર્યા વિના બીજો કોઇ વિકલ્પ નથી.

યુ.એન.ડી.પી. રિપોર્ટ (૧૯૯૫) દર્શાવે છે, કે વિશ્વના ૬૮ ટકા કામો મહિલાઓ દ્વારા કરાય છે. વિશ્વની કુલ કમાણીના ફક્ત ૧૦ ટકા મહિલાઓના ફાળે છે, જયારે વિશ્વની કુલ મિલકતોમાંથી માત્ર ૧ ટકા મિલકતો જ તેમની માલિકીની છે. જે પરિસ્થિતિ મહિલાઓમાં કામ, આવક અને માલિકી હક્કોમાં અસમાનતા દર્શાવે છે. વિશ્વના ઘણા દેશોમાં આજે પણ મહિલાઓનો દરજ્જો, ભૂમિકા, જાતિગત ભેદભાવ વગેરે અંગે સમાજનો દષ્ટિકોણ બદલાયો નથી. જેથી મહિલાઓએ પોતાનું અસ્તિત્વ કે પોતાની ઓળખ ઊભી કરવામાં ઘણો સંઘર્ષ કરવો પડે છે.

ઇંગ્લેન્ડની મેરી વુલસ્ટોનક્રાફટ પ્રથમ મહિલા હતી જેણે ૧૯૭૨ માં મહિલાઓને થતા અન્યાય અને તેમની તરફના અસમાન વલણની સામે અવાજ ઉઠાવ્યો હતો. ત્યારબાદ આંતરાષ્ટ્રીય સ્તરે પણ સ્ત્રી સમાનતા અને સ્વાતંત્ર્ય આંદોલન શરૂ થયા હતા.

૧૯૪૫ માં સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં મહિલા સશક્તિકરણ માટે પુરુષ અને મહિલાઓને સમાન અધિકારો મેળવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

૧૯૪૮ માં રંગ, જાતિ, લિંગના ભેદભાવ વગર સમાન અધિકાર અને સ્વતંત્રતા આપવાનો ઠરાવ કર્યો હતો.

૧૯૫૧ માં I.L.O. ના થયેલા સંમેલનમાં મહિલાઓની રોજગારી અને સ્ત્રી-પુરુષોને સમાન કામ માટે સમાન વળતર ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

૧૯૫૯ માં રોજગાર ધંધાઓમાં લિંગભેદ સંબંધિ અસમાનતા દૂર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

૧૯૬૦ માં યુનેસ્કોનું શિક્ષણમાં ભેદભાવ અંગેના સંમેલનમાં મહિલાઓની શિક્ષણની સમાન તકો ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

૧૯૭૫ માં આંતરાષ્ટ્રીય મહિલા વર્ષની ઉજવણી કરવાનું નક્કી થયું હતું જેમાં અસમાનતા, વિકાસ અને શાંતિની સાથે વિશ્વ વિકાસ કરવાનો ઉદ્દેશ હતો. ૧૯૭૫ થી ૧૯૮૫ ના સમય ગાળાને મહિલા દશક તરીકે ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આમ મહિલા સશક્તિકરણનો ખ્યાલ ૧૯૮૫ માં નૈરોબીમાં થયેલી આંતરાષ્ટ્રીય મહિલા સંમેલનમાં ઉદ્દભવ્યો હતો. જેમા મહિલા સશક્તિકરણનો ઉદ્દેશ મહિલાઓને પુરુષોની બરાબર બંધારણીય, રાજકીય, શારીરિક, માનસિક અને આર્થિક ક્ષેત્રોમાં તેમના પરિવાર, સમાજ અને રાષ્ટ્રના સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાં નિર્ણય સ્વતંત્રતા મળે તે હતો. ૧૯૯૧ માં શારીરિક, માનસિક, જાતિય સંબંધિ મહિલાઓને ઇજાઓ પહોંચાડતી બાબતો રોકવા અંગે કાર્યવાહી કરવાનું સ્વીકારાયું હતું.

ઇ.સ. ૧૯૯૫ માં ચીનના બેજિંગ ખાતે સંયુક્ત રાષ્ટ્રો તેમજ Women’s World Foundation and Association Countries Women of the World જેવા આંતરરાષ્ટ્રીય સહકારથી યોજાયેલ વિશ્વ મહિલા સંમેલન દ્વારા ગ્રામીણ મહિલાઓની સમસ્યાઓ પ્રત્યે વિશ્વનું ધ્યાન દોરાયું છે. તેના પ્રત્યે લોકો જાગૃત બને, મહિલાઓમાં જાગૃતિ

આવે અને મહિલાઓ સમાજમાં મહત્વના ક્ષેત્રોમાં અસરકારક ભૂમિકા ભજવી રહી છે. તેનો સામાન્ય લોકોને ખ્યાલ આવે તે માટે ૧૫ મી ઓકટોબરને **" ગ્રામીણ મહિલા દિન "** તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ કક્ષાએ યુ.એન. દ્વારા ૮ મી માર્ચને **" આંતરાષ્ટ્રીય મહિલા દિન "** તરીકે ઉજવાય છે. અને ભારતમાં ૨૦૦૧ ના વર્ષને **" મહિલા આંતરરાષ્ટ્રીય વર્ષ "** તરીકે ઉજવવામાં આવ્યું હતું. એજ રીતે વલસાડ જિલ્લામાં પણ ૨૦૦૭ ના વર્ષને **" મહિલા સશક્તિકરણ વર્ષ "** તરીકે ઉજવવામાં આવ્યું હતું.

સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ 'મહિલા' ના યોગ્ય વિકાસ માટે મહિલા સશક્તિકરણ ઉપર ભાર આપ્યો છે. સશક્તિકરણ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. જે વ્યક્તિઓ અને વ્યક્તિઓના જૂથોને જીવનના તમામ ક્ષેત્રોમાં તેમની સંપૂર્ણ ઓળખ અને શક્તિઓ ખીલવવા માટે સક્ષમ બનાવે છે. આથી મહિલાઓના સશક્તિકરણ માટે બહુપરિમાણીય પગલા જેવા કે શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને કાયદાકીય વ્યૂહ રચનાની જરૂર છે.

મહિલા સશક્તિકરણનું મહત્ત્વ સમજાવતા ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **ડો.એ.પી.જે. અબ્દુલ કલામે** જણાવ્યું છે કે ''સારા રાષ્ટ્રના નિર્માણ માટે મહિલા સશક્તિકરણ એ પૂર્વશરત છે. કારણ કે મહિલા સશક્ત હશે તો સમાજમાં સ્થિરતા આવશે, તેના મૂલ્યો અને વિચાર સારા કુટુંબના વિકાસ તરફ દોરી જશે. સારું કુટુંબ સારા સમાજમાં પરિણમશે અને અંતે સારા રાષ્ટ્રનું નિર્માણ થશે.''

**પંડિત જવાહરલાલ નહેરુ**એ કહ્યુ છે કે " જો જનતામાં જાગૃતિ પેદા કરવી હોય તો પહેલા મહિલાઓમાં જાગૃતિ પેદા કરો. એકવાર જયારે તેઓ આગળ વધે છે તો એક પરિવાર આગળ વધે છે, આપમેળે આખો દેશ આગળ વધે છે. "

જયાં મહિલાઓને વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કરવાની તકો અને સ્વતંત્રતા મળી છે ત્યાં મહિલાઓએ શિક્ષણ મેળવીને વિજ્ઞાન ટેકનોલોજી, રાજકીય, વહીવટી, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રમત-ગમત વગેરે ક્ષેત્રોમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અને તેઓ સશક્ત બની છે. મહિલા સશક્તિકરણ અંગે વિચારીએ ત્યારે ગ્રામીણ અને શહેરી મહિલાઓના સંદર્ભમાં વિચારવું અતિ આવશ્યક છે. કારણકે ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓની

સમસ્યાઓ અને પરિસ્થિતિ ભિન્ન-ભિન્ન છે. શહેરી વિસ્તારમાં મહિલાઓને શિક્ષણ અને વિકાસની તકો મળે છે, જયારે આજે પણ ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓને વિકાસ માટેની તકો પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ નથી. તેથી ગ્રામીણ મહિલાઓમાં નિરક્ષરતા, બિનકુશળતા, અંધશ્રદ્ધા, કુપોષણ, રાજકીય અને કાયદાકીય જાગૃતિનો અભાવ, જાતિગત ભેદભાવ જોવા મળે છે. અને તેઓને નિમ્ન સ્તરનું જીવન વ્યતિત કરવાની ફરજ પડે છે અને  તેઓ હક્કો અને તકોથી વંચિત રહે છે.

આથી ગ્રામીણ વિસ્તારની મહિલાઓ જાગૃત બને, સ્વનિર્ભર બને અને તેમને ગૌરવપૂર્ણ જીંદગી જીવવાની તક મળે તે માટે તેમનું સશક્તિકરણ કરવું અતિ આવશ્યક છે. પ્રસ્તુત સંશોધન વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણના સંદર્ભમાં અભ્યાસ કરવાના હેતુથી હાથ ધરવામાં આવ્યું છે.

## ૧.૧.૨ સશક્તિકરણનો અર્થ :

સશક્તિકરણ એ બહુપરિમાણીય સામાજિક પ્રક્રિયા છે જે લોકોને પોતાના જીવન, જાતિ અને સમાજ ઉપર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે. જે સામાજિક, મનોવૈજ્ઞાનિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં વિવિધ કક્ષાએ થાય છે.

સશક્તિકરણનો શાબ્દિક અર્થ છે, ‘‘ ક્ષમતાનું નિર્માણ કરવું. ’’

**જોન હેરિસ**ના જણાવ્યા મુજબ ‘‘ સશક્તિકરણ એટલે ભારતમાં ઉદારીકરણ પછીના સમયગાળામાં સરકાર સંચાલનનો મુખ્ય મુદો છે કે જે સામાજિક ઢાંચામાં સુધાર લાવીને લોકોને તમામ પ્રકારના દમનથી મુક્ત કરે છે. ’’ [૧]

**વિશ્વ બેંકની** ‘ સોર્સ બુક ’ માં અપાયેલી વ્યાખ્યા મુજબ ‘‘ સશક્તિકરણ એટલે ગરીબ લોકોના જીવનને અસરકર્તા જવાબદેહ સંસ્થાઓમાં તેમના નિયંત્રણ, વગ અને સહભાગીતાની ક્ષમતાને વધારવાની પ્રક્રિયા ’’

**ડો. સતીષ પટેલ**ના મતે '' સમાજ કે વ્યક્તિ પોતાની કામગીરીથી બહારની દિશામાં જવાબદાર બને અને તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બને તેને સશક્તિકરણ કહે છે. '' [૨]

## ૧.૧.૩ મહિલા સશક્તિકરણનો અર્થ :

ભારતના રાષ્ટ્રપતિ, **માનનીય પ્રતિભા દેવી સિંઘ પાટીલ**ના મતે " મહિલા સશક્તિકરણની બુનિયાદ શિક્ષણ, આરોગ્ય સુવિધાઓ, બાળકો અને માતા માટેની બહેતર આરોગ્ય સેવાઓ, મહિલાઓના રાજકીય પ્રતિનિધિત્વ અને આત્મનિર્ભર બનવા માટે સ્વરોજગારી સહિતના વિકલ્પોમાં પડેલી છે." [3]

**શ્રીમતિ રેણુકા ચૌધરી**ના મંતવ્ય મુજબ " મહિલા સશક્તિકરણ એટલે સ્ત્રીઓનું આત્મ સન્માન, આત્મ નિર્ભરતા અને આત્મ વિશ્વાસનું સ્તર ઉન્નત બનાવવા પ્રયાસ." [4]

**ડૉ. જીતેન્દ્ર પાન્ડે**ના મંતવ્ય મુજબ " મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓને પુરુષોની બરાબર કાયદાકીય, રાજકીય, માનસિક, સામાજિક તથા આર્થિક ક્ષેત્રોમાં તેમના પરિવાર, સમૂહ, સમાજ અને રાષ્ટ્રની સાંસ્કૃતિ પૂર્વભૂમિકામાં નિર્ણય લેવાની સ્વતંત્રતા છે. મહિલાઓમાં આ પ્રકારની ક્ષમતાનો વિકાસ જેમાં તે પોતાનો જીવનનિર્વાહ ઇચ્છાનુસાર કરી શકવા માટે સક્ષમ કરવાનો છે." [5]

**ડૉ.રાકેશ ચંદ્ર**ના મતે " મહિલા સશક્તિકરણ કરવું એટલે કે, પોતાના શરીર ઉપર નિયંત્રણ, આર્થિક રીતે સ્વતંત્ર બનવું, સંશોધનો ઉપર અંકુશ ધરાવવો જેવા કે જમીન અને સંપત્તિ, કામનો બોજો ઘટાડવો." [6]

**ડૉ. રાજેન્દ્ર બી. ડોડામની**ના મતે મહિલા સશક્તિકરણનો અર્થ " સર્વાંગી વિકાસ" ( All Round Devlopment ) જેમાં શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસનો સમાવેશ થાય છે.[7]

**ડૉ. વિનુભાઇ પટેલ અને આરતી પી. કરવેકર**ના મંતવ્યો મુજબ “ સ્ત્રી સશક્તિકરણ એટલે સ્ત્રીઓમાં છુપાઇ રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા અને સ્ત્રીના આ પ્રગટ ગુણોને પ્રગટ કરવા માટે પૂરતી તકો આપીને, ઉપલબ્ધ સ્ત્રોતોનો ઉપયોગ કરી શકે તેવા સમાન અધિકાર આપીને સ્ત્રીમાં ચેતના પ્રગટાવવાની પ્રક્રિયા” [8]

**ડૉ. ભાનુ પ્રતાપ સિંહ**ના મતે “ મહિલા સશક્તિકરણનો અર્થ છે- મહિલાઓને પુરુષોની સમાન વૈજ્ઞાનિક, રાજનૈતિક, શારીરિક, માનસિક, સામાજિક તથા રાષ્ટ્રની સાંસ્કૃતિક પૂર્વભૂમિકામાં નિર્ણય લેવાની સ્વાયતત્તા છે. એટલે કે મહિલાઓમાં એવા પ્રકારની ક્ષમતા કે શક્તિનો વિકાસ કરવાનો છે કે જેના દ્વારા તે પોતાના જીવનનો નિર્વાહ પોતાની ઇચ્છા અનુસાર કરી શકવામાં સક્ષમ તથા સ્વતંત્ર હોય, વાસ્તવમાં મહિલા સશક્તિકરણ એક પ્રક્રિયા છે. જેના અંતર્ગત પરિવાર, સમાજ તથા આસપાસના વાતાવરણમાં મહિલા અને પુરુષ વચ્ચે રહેલા અસમાન શક્તિ સંબંધોમાં પરિવર્તન કરી, પરિવારમાં મહિલાઓને પુરુષો સાથે સમાનતાનો દરજ્જો મળી શકે તથા સમાજમાં સ્વતંત્ર નાગરિકના રૂપમાં તેને ઓળખાવી શકાય.” [9]

## ૧.૧.૪ મહિલા સશક્તિકરણ માટેના નિર્દેશકો :

મહિલા સશક્તિકરણ માટેના નિર્દેશકો આ પ્રમાણે છે.

૧. શૈક્ષણિક સશક્તિકરણ

૨. આર્થિક સશક્તિકરણ

૩. સામાજિક સશક્તિકરણ

૪. કાયદાકીય સશક્તિકરણ

૫. રાજકીય સશક્તિકરણ [10]

### (૧) શૈક્ષણિક સશક્તિકરણ:

શિક્ષણની પ્રક્રિયા શરૂ કરી સતત ટકાવી રાખવામાં શિક્ષણ એ ચાવીરૂપ બાબત છે. સારું ગુણવત્તાવાળું શિક્ષણ મહિલાઓ અને ગરીબ સમાજના દરજ્જાને સુધારવા તથા તેમના પ્રત્યે

થતા વિભિન્ન સ્વરૂપના ભેદભાવોને પડકારવા સક્ષમ બનાવે છે. શિક્ષણ વધુ અને સમાન ભાગીદારી દ્વારા લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે.

મહિલાઓ શિક્ષિત હોય તો તેમનામાં આત્મવિશ્વાસ અને સ્વાભિમાન ઊંચું આવે છે અને તેઓ પ્રગતિ માટે લેવામાં આવતા પગલાઓ (જેવા કે અનામતના ) માંથી લાભ લેવા માટે સમર્થ બને છે.

શિક્ષણ એક એવું સાધન છે કે પછાત ગરીબ મહિલાઓ અને છોકરીઓમાં તેમની પરિસ્થિતિનું ટીકાત્મક રીતે વિશ્લેષણ કરવા, તેમના ગૌણ સ્થાન વિશે અવાજ ઉઠાવવા અને તેમને પસંદગી કરવા યોગ્ય બનાવે છે.

- **શૈક્ષણિક સશક્તિકરણનું મહત્ત્વ:**

શિક્ષણ માનવ વ્યવહારની પ્રક્રિયા, બુદ્ધિ, જ્ઞાન, સર્જનાત્મક્તા અને માનવ જીવનની ગુણવત્તા સાથે ધનિષ્ઠ સંબંધ ધરાવે છે. શિક્ષણ દ્વારા વૈચારિકક્રાંતિ આવે છે. શિક્ષણથી વ્યક્તિ સમાજના એક ઉત્પાદક સભ્યના રૂપમાં પોતાની ભૂમિકા અદા કરવા તૈયાર થાય છે. આમ, શિક્ષણ એ સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનની ઉન્નતિનો આધાર છે. તેના દ્વારા સમૃદ્ધ રાષ્ટ્રનું નિમાર્ણ થાય છે.

સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનના એક શક્તિશાળી સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ થાય છે. શિક્ષણ એ એક ચાવી છે જે જીવનના વિકાસના દ્વારા ખોલે છે. શિક્ષણ-કુશળતા, તાલીમ, જ્ઞાન અને રાષ્ટ્રના વિકાસને પ્રોત્સાહિત કરે છે. ઉપરોક્ત મહત્ત્વના સદર્ભમાં શિક્ષણ એ મહિલા સશક્તિકરણ માટે મહત્ત્વનું સાધન બની શકે એમ છે. તે ગ્રામીણ મહિલાઓને નવું જ્ઞાન અને ટેકનોલોજી કે જે જીવનના બધા જ ક્ષેત્રોમાં સુધારા અને વિકાસના કાર્ય માટે સક્ષમ બનાવે છે.

દેશમાં ગરીબી, નિરક્ષરતા અને વસ્તી વધારો જેવી સર્વ સમસ્યાઓને હલ કરવાનો જો કોઇ સર્વ સ્વીકાર્ય ઉપાય હોય તો તે શિક્ષણ છે. શિક્ષણથી વંચિત મહિલાઓ પોતાનો વિકાસ કરી શક્તી નથી. તેમનામાં વ્યવહારિક અનુભવના આધારે આવડત, બુદ્ધિ, જાણકારી વગેરે

ઘણું બધુ હોય છે. પરંતુ એક માત્ર શિક્ષણના અભાવે તેઓમાં અંધશ્રદ્ધા, વહેમ, જૂના રીતરિવાજો, મૂલ્યો પોતાની ચીલાચાલુ જીવન શૈલી વગેરે છોડવા તૈયારી હોતી નથી. અને આથી તેઓ નવા વિચારો અને મૂલ્યોને અપનાવી શક્તી નથી, પરિણામે તેઓમાં લઘુતાગ્રંથી, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનો અભાવ જોવા મળે છે. જે શહેરી વિસ્તારની મહિલાઓ કરતાં ગ્રામ્ય વિસ્તારની મહિલાઓમાં નિરક્ષરતાને કારણે વધુ જોવા મળે છે. પરાધીનતા તેમનામાં વ્યાપી ગઇ હોવાથી પરિવર્તન પણ ઝડપથી આવતું નથી. આ બધામાંથી બહાર લાવવા માટે મહિલાઓનું શૈક્ષણિક રીતે સશક્તિકરણ કરવું આવશ્યક છે.

ભારતીય મહિલા આયોગના અધ્યક્ષ **પૂર્ણિમા અડવાણી** (૨૦૦૨) જણાવે છે કે ‘‘ નિરક્ષર અને ઓછું ભણેલી મહિલાઓ પોતાના ઉપર થતા અત્યાચાર જાહેરમાં લાવી શક્તી નથી. કેટલીક મહિલાઓ પોતાના અધિકારો જેવાકે બાળલગ્ન, દહેજપ્રથા, સ્ત્રીધન, સૂર્યાસ્તબાદ સ્ત્રીને જેલમાં ન રાખી શકાય જેવી બાબતોની જાણકારી હોતી નથી.’’ [11]

**જોનેટા કોલ**ના મતાનુસાર ‘‘ જ્યારે તમે એક પુરુષને શિક્ષણ આપો છો ત્યારે એક વ્યક્તિ શિક્ષિત થાય છે. પણ જ્યારે તમે એક મહિલાને શિક્ષણ આપો છો ત્યારે તમે આખા પરિવારને શિક્ષિત કરો છો.’’ [12]

આમ મહિલાઓમાં આત્મવિશ્વાસ જગાવવા, આર્થિક પરિસ્થિતિ સુધારવા, યોગ્ય રીતે વિચારવાની ક્ષમતા વધારવા સમાજમાં પરિવર્તન લાવવા અને આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરવા શિક્ષણ અગત્યનું પરિબળ છે. એટલે કે મહિલા સશક્તિકરણની સતત ચાલતી પ્રક્રિયામાં સારી ગુણવત્તાવાળું શિક્ષણ મદદરૂપ થઇ શકે છે.

- **ભારતમાં મહિલા સાક્ષરતા પ્રમાણ :**

ભારતમાં મહિલા સાક્ષરતાનું પ્રમાણ નીચેના કોષ્ટકમાં આપવામાં આવ્યું છે. જે જોતા જણાય છે કે ભારતમાં પુરુષોની તુલનાએ મહિલા સાક્ષરતાનું પ્રમાણ નીછું છે. પરંતુ સાક્ષરતા વૃદ્ધિનો દર ૧૯૯૧ની તુલનાએ ૨૦૦૧માં ૧૪.૧૬% અને ૨૦૧૧માં ૪.૫૯% જેટલો છે, જયારે પુરુષોનો સાક્ષરતા વૃદ્ધિ દર અનુક્રમે ૧૨.૪૫% અને ૬.૨૯% જેટલો છે. જે પરથી

સ્પષ્ટ થાય છે કે પુરુષોની તુલનાએ પુરુષોની તુલનાએ મહિલા સાક્ષરતાનું પ્રમાણ નીચું છે. પરંતું સાક્ષરતા વૃદ્ધિનો દર ઊંચો છે. જે મહિલાઓ માટે એક સારી બાબત ગણાવી શકાય.

**કોષ્ટક નં.-૧.૧.૧ ભારતમાં મહિલા સાક્ષરતા પ્રમાણ (ટકાવારીમાં)**

| વર્ષ | વિસ્તાર | ભારત | | |
|---|---|---|---|---|
| | | **કુલ** | **પુરુષો** | **મહિલાઓ** |
| **૧૯૯૧** | ગ્રામીણ | ૪૨.૨ | ૫૭.૦ | ૩૦.૫ |
| | શહેરી | ૭૫.૦ | ૭૩.૩ | ૬૫.૭ |
| | કુલ | ૫૨.૧ | ૬૩.૪ | ૩૯.૭ |
| **૨૦૦૧** | ગ્રામીણ | ૫૯.૪૦ | ૭૧.૪ | ૪૬.૭૦ |
| | શહેરી | ૮૦.૩૦ | ૮૬.૭૦ | ૭૩.૨૦ |
| | કુલ | ૬૫.૩૮ | ૭૫.૮૫ | ૫૪.૧૬ |
| **૨૦૧૧** | ગ્રામીણ | ૬૮.૯૧ | ૭૮.૫૭ | ૫૮.૭૫ |
| | શહેરી | ૮૪.૯૮ | ૮૯.૬૭ | ૭૯.૯૨ |
| | કુલ | ૭૪.૦૪ | ૮૨.૧૪ | ૫૮.૭૫ |

**Source :** Census of India-2011, Gujarat State, Primary Abstracts Total Population

શહેરી મહિલાઓની તુલનાએ ગ્રામ્ય મહિલાઓનું સાક્ષરતા પ્રમાણ નીચું છે, પરંતુ સાક્ષરતા વૃદ્ધિનો દર ઊંચો છે. જે ગ્રામ્ય મહિલાઓમાં શિક્ષણ ક્ષેત્રે થયેલા સુધારાનો નિર્દેશ કરે છે.

- **ભારતમાં શિક્ષણ ક્ષેત્રે મહિલાઓની નોંધણી :**

કોષ્ટક નં-૧.૧.૨ પરથી સ્પષ્ટ જણાય છે કે ભારતમાં સામાન્ય શિક્ષણ માટે શાળામાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની નોંધણીનું પ્રમાણ ઓછું છે. આર્ટ્સ વિભાગમાં મહિલાઓની સંખ્યા વધુ જોવા મળે છે અને પી.એચ.ડી./એમ.ફીલ, કોમર્સ અને સાયન્સમાં મહિલાઓની સરખામણીમાં પુરુષોનું પ્રમાણ વધુ છે. જયારે એન્જિનિયરિંગ, મેડિકલ, ખેતી, પશુચિકિત્સા, કાયદો અને અન્ય ક્ષેત્રે મહિલાઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળે છે.

**કોષ્ટક નં.-૧.૧.૨ ભારતમાં શિક્ષણ ક્ષેત્રે મહિલાઓની નોંધણીનું ટકાવારી પ્રમાણ (૨૦૦૭-૦૮)**

| | | **પુરુષો** | **મહિલાઓ** |
|---|---|---|---|
| **સામાન્ય શિક્ષણની શાળા** | નર્સરી (પૂર્વ પ્રાથમિક) | ૫૩.૫ | ૪૬.૫૦ |
| | પ્રાથમિક (૧ થી ૫) | ૫૨.૪૮ | ૪૭.૫૨ |
| | માધ્યમિક (૬ થી ૮) | ૫૪.૨૮ | ૪૫.૭૨ |
| | ઉચ્ચત્તર માધ્યમિક (૯ થી ૧૨) | ૫૬.૫૬ | ૪૩.૪૪ |
| **સામાન્ય શિક્ષણના અભ્યાસક્રમો** | શિક્ષણ (પૂર્વ પ્રાથમિક થી ૧૨) | ૫૩.૬૯ | ૪૬.૩૩ |
| | પીએચ.ડી. એમ.ફીલ. | ૬૧.૫૧ | ૩૮.૪૯ |
| | આર્ટ્સ | ૫૩.૪૬ | ૫૬.૫૪ |
| | સાયન્સ | ૫૭.૨૬ | ૪૨.૭૪ |
| | કોમર્સ | ૬૧.૨૦ | ૩૮.૮૦ |
| **વ્યવસાયલક્ષી શિક્ષણના અભ્યાસક્રમો** | શિક્ષણ | ૪૬.૩૯ | ૫૩.૬૧ |
| | એન્જિનિયરિંગ /ટેકનીકલ પોલીટેકનીક | ૭૨.૩૯ | ૨૭.૬૧ |
| | ફાર્મસી | ૯૯.૫૪ | ૦.૪૬ |
| | ખેતી | ૭૮.૮૪ | ૨૧.૧૬ |
| | વેટરનરી સાયન્સ | ૪૨.૫૮ | ૨૧.૨૯ |
| | કાયદો | ૭૬.૪૭ | ૨૩.૫૩ |
| | અન્ય | ૬૨.૬૬ | ૩૭.૩૪ |

**Source :-** Selected Educational Statistics, Ministry of Human Resource Development, 2010.

## (૨) આર્થિક સશક્તિકરણ:

મહિલાઓનું આર્થિક સશક્તિકરણ એક પ્રક્રિયા છે જે મહિલાઓને જીવનની વ્યૂહાત્મક પસંદગીઓ કરવા સમર્થ બનાવે છે. મહિલા સશક્તિકરણ મહિલાઓને મહત્વના આર્થિક સાધનો અને તકો પૂરી પાડીને શ્રમ બજારમાં માળખાગત જાતિગત અસમાનતા દૂર કરીને આર્થિક સશક્તિકરણ થઇ શકે.

**ડૉ. ઉષા કાન્હરે**ના મતે " આર્થિક સશક્તિકરણ એટલે આર્થિક સંસાધનોમાં તેનો સમાન હિસ્સો હોય, મિલકત ધરાવે, આર્થિક ઉપાર્જન કરે ત્યારે આર્થિક રીતે સ્વાવલંબન આવે, તથા સત્તા, અધિકાર અને સામર્થ્ય પ્રાપ્ત થાય."[13]

**ડૉ. ફરીદા કંપનીવાલા**ના મંતવ્ય મુજબ " આર્થિક સશક્તિકરણ એટલે કુટુંબની માલ મિલકતમાં તેનો સમાન હિસ્સો હોય, આર્થિક ઉપાર્જન કરતી હોય તો જ આર્થિક રીતે સ્વાવલંબી બને, તેને યોગ્ય સત્તા મળતા તે સામર્થ્યવાન બને છે." [14]

- ## આર્થિક સશક્તિકરણનું મહત્વ :

મહિલાઓનું સશક્તિકરણ કરવું એ મૂળભૂત રીતે માનવ હક્કો અને સામાજિક ન્યાયનો મુદ્દો છે. એટલું જ નહીં પરંતુ તે ગરીબી નિવારણ, આર્થિક વિકાસ અને માનવ વિકાસ માટે આવશ્યક છે. મહિલાઓનું આર્થિક સશક્તિકરણ સમગ્ર કુટુંબ કે સમાજના લોકોની ગરીબી ઘટાડવામાં મદદરૂપ થાય છે. ખાસ કરીને નીચી આવક ધરાવતા કુટુંબોનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સૌથી મહત્વનું છે. આ ઉપરાંત મહિલાઓના આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાથી અન્ય જાહેર નીતિ વિષયક ધ્યેયો જેવાકે ગરીબી નાબુદી, બેકારી, આર્થિક વિકાસ અને વૃદ્ધિ, માનવ વિકાસ, હિંસામાં ઘટાડો જેવા ધ્યેયોની સિદ્ધિ શક્ય બને છે. મહિલા સશક્તિકરણથી મહિલાઓના સાધનો પરનો અંકુશ વધે છે. મહિલાઓના બિનચૂકવણી થતા કામોની નોંધ લેવાય છે. અને માળાખાકીય જાતિગત અસમાનતા દૂર થાય છે.

સશક્તિકરણ એ પરિવર્તનની પ્રક્રિયા છે. જે વ્યક્તિઓને પસંદગી અને કાર્ય કરવાની વધુ ને વધુ સ્વતંત્રતા આપે છે. મહિલાઓના આર્થિક સશક્તિકરણની પ્રક્રિયા ઉપલબ્ધ સાધનોને સહાયક કે તેમનો ઉપયોગ કરવાની, તેમનામાં આવડત વિકસાવવાની તેમની આર્થિક તકોમાં વધારો કરવો અને આર્થિક લાભો પરનો તેમનો અંકુશ વધારવાની પ્રક્રિયા છે.

- ## મહિલાઓના આર્થિક સશક્તિકરણની પ્રક્રિયાઃ

નીચે આપેલ પ્રકિયામાં મહિલાઓનું આર્થિક સશક્તિકરણ અંગે દર્શાવવામાં આવ્યું છે કે જો મહિલાઓ પાસે સાધનો ઉપલબ્ધ હોય, તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને આવડત હોય, આર્થિક તકો અને તેમાંથી મળેલા લાભો પર અંકુશનાં હક્કો હોય અને જીવનમાં હકારાત્મક પરિવર્તન માટે કરી શક્તા હોય તો મહિલાઓનું આર્થિક સશક્તિકરણ શક્ય છે.

**મહિલાઓના આર્થિક સશક્તિકરણની પ્રક્રિયા** [15]




ગ્રામીણ મહિલાઓ ભારતીય અર્થતંત્રનો અત્યંત મહત્ત્વનો ભાગ છે. અર્થતંત્રના વિકાસમાં તેમને એક મજબૂત અને સુદઢ બળ બનાવવા માટે મહિલાઓનું આર્થિક રીતે સશક્તિકરણ કરવું એ તાકીદની બાબત છે. ગ્રામીણ અર્થતંત્રમાં આજે પણ ખેતી, કામદાર વર્ગ અને સેવા-ચાકરી કરનાર વર્ગમાં મહિલાઓની મોટી સંખ્યા છે. મહિલાઓની ઉત્પાદન તેમજ વેચાણ કાર્યમાં વિશિષ્ટ અને સ્વીકાર્ય ભૂમિકા હતી અને છે. ગ્રામીણ વિસ્તારમાં મોટા ભાગની મહિલાઓ ઘરકામ, ગૃહ ઉદ્યોગ, ખેતી-પશુપાલન, વેપાર અને કુટુંબના સભ્યોની દેખભાળ વગેરે આર્થિક વળતરવાળા કામ કરતી આવી છે. છતાં મહિલાના આ બધા કામકાજની શ્રમબજારમાં ગણતરી જ થતી નથી. તેમનું આર્થિક મૂલ્ય આંકવામાં આવતું નથી. તેને મહિલાઓને થતો આર્થિક અન્યાય કહેવાય. કારણકે મહિલાઓના આર્થિક પ્રવૃત્તિઓના પ્રકાર, વ્યાપ, સ્વરૂપ અને ઘનિષ્ટતા ક્યારે પણ ગણતરીમાં લેવાતાં નથી.

યુનો દર્શાવે છે કે વિશ્વમાં ૧/૩ કામ મહિલાઓ કરે છે. તેમ છતાં કમાણીના કામ અંગે એકઠા કરાયેલા આંકડા પ્રમાણે સમાજમાં આર્થિક કમાણીનું કામ કે રોજગારી કરતી મહિલાઓનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને મહિલા દસકા (૧૯૭૫-૮૫) દરમિયાન યોજાયેલ પરિષદોમાં મહિલાઓ દ્વારા ઘરમાં અને ઘર બહાર થતાં

અનેકવિધિ કામકાજો અને પ્રવૃત્તિઓની સમાજમાં યોગ્ય ગણતરી થાય અને તેમનું યોગ્ય આર્થિક મૂલ્ય અંકાય એવી માંગણી વિશ્વભરમાં મહિલાઓના સંગઠનોએ કરી છે.

જયારે મહિલા આર્થિક રીતે સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતાની જાતની માલિક બને છે અને પોતાના નિર્ણયો જાતે લઇ શકે છે. સર્વાગી વિકાસ માટે મહિલા આર્થિક રીતે સ્વનિર્ભર બને તે પાયાની જરૂરિયાત છે. જો મહિલા આર્થિક રીતે પરાવલંબી જીંદગી જીવતી હોય તો તે લઘુતાગ્રંથી અનુભવે છે. આવી મહિલા સમાજમાં કોઇ સ્થાન પ્રાપ્ત કરી શક્તી નથી. આર્થિક રીતે પગભર મહિલાઓ વધુ આત્મવિશ્વાસ સાથે જીંદગી ગુજારે છે. એમની પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે છે. સમાજમાં ઊંચા મસ્તકે જીવી શકે છે. આર્થિક સ્વતંત્ર મહિલાઓને ગરિમા પણ બક્ષે છે. પોતાની જરૂરિયાતો માટે કોઇની પાસે હાથ લાંબો કરવો પડતો નથી આ પરિસ્થિતિ તેમને સ્વમાન બક્ષે છે.

ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને આર્થિક નિયોજનના એક સશક્ત સાધન તરીકે જોવામાં આવતી નથી. તે ફક્ત ઘરકામ અને સસ્તી મજૂરી કરનાર તરીકે જ જોવામાં આવે છે. સારું કામ અને આવક માટેની સ્વતંત્ર તકોના અભાવે તેમનો અવાજ બંધ રહે છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓના વિકાસ માટે આર્થિક આઝાદી બહુ અગત્યની છે.

- **ભારતમાં જાતિ આધારિત કામદારોનું વર્ગીકરણ**

**કોષ્ટક નં.-૧.૧.૩ ભારતમાં જાતિ આધારિત કામદારોનું વર્ગીકરણ (ટકાવારીમાં)**

| ક્રમ | વિગત | ભારત | |
|---|---|---|---|
| | | પુરુષો | મહિલાઓ |
| ૧ | કુલ કામદારો | ૬૮.૩૭ | ૩૧.૬૩ |
| ૨ | મુખ્ય કામ કરનારા | ૬૭.૭૩ | ૨૩.૨૭ |
| ૩ | સીમાંત કામ કરનારા | ૩૯.૦૭ | ૬૦.૯૩ |

**Source :** Primary Census Abstract : Census of India (2001)

ઉપરોક્ત કોષ્ટકમાં જોતા જણાય છે કે, ભારતમાં મુખ્ય કામ કરનારાઓમાં મહિલાઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ છે. જયારે સીમાંત કામ કરનારાઓમાં મહિલાઓનું પ્રમાણ પુરુષો કરતાં વધુ છે. આ બાબતનું નિર્દેશન નીચેના સ્તંભાલેખ પરથી વધુ સ્પષ્ટ થશે.




- **ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં મહિલા રોજગારી :**

**કોષ્ટક નં.-૧.૧.૪ ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં મહિલા રોજગારી પ્રમાણ (ટકાવારીમાં)**

| જાહેરક્ષેત્ર/ ખાનગીક્ષેત્ર | વર્ષ | | |
|---|---|---|---|
| | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૦૭ |
| **જાહેરક્ષેત્ર:** | | | |
| પુરુષ | ૧૬૭.૧૦ | ૧૬૨.૭૯ | ૧૪૯.૮૪ |
| મહિલા | ૨૩.૪૭ | ૨૮.૫૯ | ૩૦.૧૮ |
| કુલ | ૧૯૦.૫૭ | ૧૯૧.૩૮ | ૧૮૦.૦૨ |
| **ખાનગીક્ષેત્ર:** | | | |
| પુરુષ | ૬૨.૪૨ | ૬૫.૬૨ | ૬૯.૮૦ |
| મહિલા | ૧૪.૪૩ | ૨૦.૯૦ | ૨૨.૯૪ |
| કુલ | ૭૬.૭૬ | ૮૬.૫૨ | ૯૨.૭૪ |

**Source :** Economic Survey (2009-10)

જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્રમાં મહિલા રોજગારીનું પ્રમાણ પુરુષોની તુલનાએ ઓછું છે. બંને ક્ષેત્રોમાં મહિલા રોજગારીના પ્રમાણમાં વધારો થતો જોવા મળે છે. ૧૯૯૧ માં

જાહેરક્ષેત્રમાં મહિલા રોજગારીનું પ્રમાણ ૨૩.૪૭ લાખ હતું તે વધીને ૨૦૦૭ માં ૩૦.૧૮ લાખ થયું છે. જયારે ખાનગી ક્ષેત્રમાં મહિલા રોજગારીનું પ્રમાણ ૧૯૯૧ માં ૧૪.૪૩ લાખ હતું તે વધીને ૨૦૦૭ માં ૨૨.૯૪ લાખ થયું છે. જે કોષ્ટક પરથી સાબિત થાય છે.

- **ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતી મહિલા કામદારો :**

કોષ્ટક નં-૧.૧.૫ માં જોતા સ્પષ્ટ થાય છે કે ભારતમાં ખેતી ક્ષેત્ર અને જંગલોમાં પુરુષોની સરખામણીમાં છૂટક કામ કરતી મહિલાઓનું પ્રમાણ વધુ છે. ભારતમાં ગ્રામીણ ક્ષેત્રમાં શહેરી વિસ્તારની તુલનામાં નિયમિત વેતન પર કામ કરતી મહિલાઓનું પ્રમાણ પુરુષોની સરખામણીમાં વધુ જોવા મળે છે. એજરીતે સ્વરોજગારીની દૃષ્ટિએ પણ પુરુષોની સરખામણીએ મહિલાઓનું પ્રમાણ વધુ છે.

ખાણ અને ખનીજ, મેન્યુફેકચરીંગ, વીજળી, બાંધકામ, જથ્થાબંધ અને છૂટક વેપાર, વાહનવ્યવહાર વગેરે ક્ષેત્રે પુરુષોનું પ્રમાણ વધુ છે. જયારે નાણાંકીય વિભાગ, વીમો, બેકિંગ અને સામાજિક સેવાઓ વગેરે ક્ષેત્રે મહિલાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## કોષ્ટક નં.-૧.૧.૫   ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતી મહિલા કામદારો (૧૦૦૦ મહિલા દીઠ)

| વિવિધ ક્ષેત્રો | છૂટક કામદારો | | | | નિયમિત વેતન પગારદારો-રોજગાર | | | | સ્વરોજગાર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શહેરી | | ગ્રામ્ય | | શહેરી | | ગ્રામ્ય | | શહેરી | | ગ્રામ્ય | |
| | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ | પુરુષો | સ્ત્રીઓ |
| ખેતી, જંગલો વગેરે | ૧૦૭ | ૨૧૪ | ૪૯૭ | ૬૭૫ | ૪૦ | ૩૧ | ૧૮૨ | ૩૨૮ | ૧૩૬ | ૧૩૮ | ૬૭૯ | ૭૫ |
| ખાણ અને ખનીજ | ૨૩ | ૧૨ | ૩૦ | ૩૦ | ૨૨ | ૨૦ | ૩૨ | ૧૩ | ૫ | ૩ | ૧૫ | ૧૨ |
| ઉદ્યાગો | ૧૧૩ | ૯૨ | ૬૦ | ૬૪ | ૧૮૬ | ૯૨ | ૧૩૯ | ૧૨૧ | ૧૫૮ | ૨૫૭ | ૫૧ | ૮૦ |
| વીજળી | ૩૦ | ૧૪ | ૧૯ | ૭ | ૬૨ | ૨૪ | ૩૪ | ૧૬ | ૧૫ | ૨૦ | ૮ | ૩ |
| બાંધકામ | ૨૩૩ | ૧૩૮ | ૧૫૧ | ૭૬ | ૪૧ | ૨૮ | ૬૪ | ૨૬ | ૩૫ | ૪૭ | ૧૯ | ૧૨ |
| જથ્થાબંધ, છૂટક વગેરે | ૧૦૨ | ૫૨ | ૩૩ | ૧૮ | ૧૧૦ | ૪૮ | ૫૭ | ૧૯ | ૩૧૮ | ૧૧૨ | ૯૬ | ૫૮ |
| વાહનવ્યવહાર, સંગ્રહ | ૯૬ | ૧૮ | ૩૧ | ૫ | ૧૦૪ | ૩૭ | ૭૬ | ૧૧ | ૬૮ | ૨૩ | ૨૮ | ૪ |
| નાણાંકીય, વિમો | ૭૨ | ૧૭૮ | ૪૬ | ૪૩ | ૧૯૫ | ૪૩૪ | ૨૦૪ | ૨૪૮ | ૯૦ | ૧૪૩ | ૪૩ | ૪૬ |
| સામાજિક સેવાઓ | ૭૨ | ૧૭૮ | ૪૬ | ૪૩ | ૧૯૫ | ૪૩૪ | ૨૦૪ | ૨૪૮ | ૯૦ | ૧૪૩ | ૪૩ | ૪૬ |
| અન્ય | ૧૯૯ | ૨૫૭ | ૧૨૩ | ૭૯ | ૧૫૯ | ૨૦૮ | ૧૭૦ | ૧૮૮ | ૧૦૧ | ૧૩૨ | ૪૫ | ૨૯ |

**Source :** Report on Employment & Unemployment Survey, 2009-10

- **મહિલા સશક્તિકરણ માટે સરકારની યોજનાઓ :**

વર્તમાન સમયે વૈશ્વિક કક્ષાએ મહિલા સશક્તિકરણ માટે વિભિન્ન અભ્યાસો થયા છે મહિલાઓને થતા અન્યાય અને શોષણ સામે લડવા અનેક સંગઠનો કાર્યરત છે. સ્ત્રી-પુરુષના હક્કો, તકો અને જવાબદારીની અસમાનતાને દૂર કરવા સરકાર દ્વારા જુદા જુદા પ્રકારની યોજનાઓ અમલમાં મૂકવામાં  આવી છે. જે નીચે મુજબ છે.

**(અ) મહિલાઓ સંબંધિત યોજનાઓ :**

- ઈન્દિરાગાંધી માતૃત્વ સહયોગ યોજના
- તરુણ યુવતીઓના સશક્તિકરણ માટે રાજીવગાંધી યોજના ‘સબળા’
- જાતિગત અંદાજપત્ર યોજના
- સ્વયંસિદ્ધા યોજના
- કામ કરતી મહિલાઓ માટે છાત્રાલય યોજના
- મહિલાઓ અને છોકરીઓ માટે ટૂંકાગાળા માટે ઘર યોજના
- સ્વધાર યોજના
- સ્ત્રી શક્તિ પુરસ્કાર યોજના

**(બ) બાળકો સંબંધિત યોજના :**

- સંકલિત બાળ રક્ષણ યોજના
- બાળ કલ્યાણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર યોજના
- અસાધારણ સિદ્ધિ બદલ રાષ્ટ્રીય બાળ પુરસ્કાર યોજના
- બાળકોની સેવા માટે રાજીવગાંધી માનવ સેવા પુરસ્કાર યોજના
- બાલિકા સમૃદ્ધિ યોજના
- કિશોરી શક્તિ યોજના
- તરુણ યુવતીઓ માટે પોષણ કાર્યક્રમ

- પાયાના શિક્ષણની સાર્વત્રિકરણ યોજના (પૂર્વ પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમ હેઠળ ૩ થી ૬ વયજૂથના દરેક બાળકો માટે શિક્ષણ)
- કામ કરતા બાળકોની કાળજી અને રક્ષણની જરૂરિયાત માટે કલ્યાણ યોજના
- કામ કરતી માતાઓના બાળકો માટે રાજીવગાંધી રાષ્ટ્રીય શિશુગૃહ યોજના

**(ક) સામાન્ય યોજના :**

- ઉજ્જવલા યોજના
- દેહ વેપારના શોષણનો ભોગ બનેલ મહિલાઓ માટે પુર્નવસન અને સંકલન યોજના
- સ્ત્રીઓ અને બાળકોના વિકાસ માટે ખોરાક અને પોષણ યોજના

**(ડ) અન્ય યોજના :**

- મહિલાઓ અને બાળકોના પોષણ સંબંધિત સંશોધન, પ્રકાશન અને સંચાલન માટે સહાય યોજના
- કુટુંબ સલાહ કેન્દ્ર યોજના [16]

- ## સૂક્ષ્મ ધિરાણ અને મહિલા સશકિતકરણ :

  - **સૂક્ષ્મધિરાણનો અર્થ :**

સૂક્ષ્મધિરાણ એટલે "નાણાંકીય સંસ્થાઓ દ્વારા ગરીબોને નાના જથ્થામાં પૂરી પાડવામાં આવતી નાણાંકીય સહાય."

**સ્મિતા ભટનાગરે** જણાવ્યું છે કે " સુક્ષ્મ ધિરાણ એટલે ગરીબો સુધી લોન, વિમો તથા નાણાંકીય સેવાઓ પહોચાડતી આર્થિક પ્રવૃત્તિ" [17]

  - **સૂક્ષ્મધિરાણનો ખ્યાલ :**

નાણાંકીય સંસ્થાઓ કે સહાયમાં બચત, ધિરાણ, વિમો, ભાડાપટ્ટે નાણાં ફાળવણી વગેરે. એટલે કે કોઇ પણ પ્રકારની ગ્રાહકોની સામાન્ય નાણાંકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટેની સેવાઓ પૂરી પાડવાનો ખ્યાલ સૂક્ષ્મ ધિરાણમાં રહેલો છે. પરંતુ આપણે મહિલા

સશક્તિકરણની વાત કરીએ ત્યારે તેનો અર્થ માત્ર નાણાંકીય લેવડ-દેવડ સુધી સીમિત ન રહેતા તેમાં વ્યવસ્થાપન, સામાજીક સંબંધો, સ્વવિકાસ, સ્વનિર્ભરતા અને આત્મગૌરવ જેવા પાસાંઓનો પણ સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ લોકોની જરૂરિયાતો અને ખાસ કરીને ગરીબ કુટુંબોની મહિલા સભ્યોની નાણાંકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે વૈકલ્પિક નાણાં વ્યવસ્થા. સૂક્ષ્મ ધિરાણના સ્વરૂપમાં આવી છે. આજે સહાય જૂથની સંસ્થાને ટકાઉ વિકાસની સંસ્થા તરીકે જોવાય છે. જે ગ્રામ્ય ગરીબ મહિલાઓને ખૂબજ અનિવાર્ય નાંણાકીય બળ પૂરું પાડે છે. ગરીબ લોકો ઔપચારિક નાણાંકીય સંસ્થાઓની અડચણરૂપ પ્રક્રિયાઓને કારણે તેમાંથી નાણાંકીય સેવાઓ મેળવવામાં મુશ્કેલી અનુભવે છે. તેમની પાસે ધિરાણ મેળવવાનું બીજું કોઇ સલામત સાધન નથી. આથી સૂક્ષ્મ ધિરાણ એ ગરીબી સામે લડવા માટેનું એક સક્ષમ સાધન તરીકે વપરાય છે.

ગરીબી નાબૂદી કેન્દ્રમાં રાખીને નીચી આવક ધરાવતા જૂથને ધંધા રોજગારીની સ્થાપના માટે તેમને નાણાંકીય સહાય પૂરી પાડીને તેમને સક્ષમ અને સશક્ત બનાવે છે. તે આર્થિક રીતે પછાત લોકોને નાના પાયાના ધંધાકીય સાહસોની સ્થાપના માટે જરૂરી શાખનું પ્રાપ્તિ સ્થાન છે. સૂક્ષ્મધિરાણ એ એક કાર્યક્રમ છે જે અતિ ગરીબ લોકોને ધંધાકીય પ્રવૃત્તિઓમાં તથા બચત અને ટેકનીકલ સહાય સહિતની સુવિધા પૂરી પાડે છે. સૂક્ષ્મધિરાણનું પાયાનું લક્ષણ એ છે કે ખૂબ નાના કદમાં નાના નિયોજકોને અને આવક સર્જનના પ્રયત્નો કરનારને તેમજ સ્થાનિક સમાજની જરૂરિયાતને અનુરૂપ ધિરાણ પૂરું પાડે છે.

બાંગલાદેશમાં ગ્રામીણ બેંકના સ્થાપક, સૂક્ષ્મ ધિરાણના ખ્યાલનું સર્જન કરનાર અને લાખો બાંગલાદેશીઓનું જીવન બદલી નાખનાર **પ્રો. મહમદ યુનુસે** કહ્યુ છે કે,

“If we can come up with a system which allows everybody excess to credit while eunsuring excellent repayment, I can give you guarantee that poverty will not last long.”[18]

- **ભારતમાં સૂક્ષ્મ ધિરાણના મોડેલ :**

ભારતમાં સૌપ્રથમ સ્વસહાયજૂથોને ધિરાણ કરવામાં ૧૯૮૬-૮૭ માં નાબાર્ડે (રાષ્ટ્રીય ખેતી અને ગ્રામ વિકાસ બેંક) શરૂઆત કરી હતી. સૂક્ષ્મ ધિરાણ અંતર્ગત મુખ્ય મોડેલ છે.

(૧) સ્વસહાય જૂથ બેંક જોડાણ (Self Help Group Bank Link)

(૨) સૂક્ષ્મધિરાણ સંસ્થાઓ (Micro Finance Institutions)

SHG-BL કાર્યક્રમ ૧૯૯૨ માં શરૂ કરવામાં આવ્યો હતો જે સ્વસહાયજૂથોને બેંક ધિરાણનો પ્રવાહ પૂરો પાડે છે. ૧૯૯૧-૯૨ માં નાબાર્ડ દ્વારા રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા સાથે સલાહ મસલત કરી ૫૦૦ સ્વસહાય જૂથોને જોડીને પ્રાયોગિક ધોરણે પ્રાજેક્ટ હાથ ધર્યો હતો. ૧૯૯૪ માં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ SHG અને NGO કાર્ય જૂથોની રચના કરી હતી.

ભારતમાં સ્વસહાયજૂથોને સંસ્થાકીય ધિરાણ પૂરું પાડવા માટેની મુખ્યત્વે બે યોજનાઓ છે.

(૧) નાબાર્ડ પ્રેરિત SHG-BL કાર્યક્રમ

(૨) સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY)

નેશનલ સેમ્પલ સર્વેના ૫૯ માં રાઉન્ડમાં અંદાજ બાંધવામાં આવ્યો છે કે લગભગ ૫૦ ટકા ખેડૂત કુટુંબો કે જેઓ સીમાન્ત ખેડૂતો છે તેમની પાસે ધિરાણનું કોઇ સાધન નથી. સરકારે આવા ગરીબ લોકોને મદદ કરવા માટે સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવ્યા છે. તેમને ભારતમાં બેંક જોડાણ કાર્યક્રમ અંતર્ગત શાખા ધિરાણની સહાય આપવાની પહેલ કરી છે. [18]

- **ભારતમાં સૂક્ષ્મ ધિરાણનું મહત્વ :**

ભારત દેશની અંદર શ્રમદળના ૯૨ ટકા અસંગઠિત ક્ષેત્રમાં છે. અને બાકીના ૮ ટકા સંગઠિત ક્ષેત્રમાં છે છતાં મોટાભાગના ઉત્પાદન સાધનો અને આર્થિક શક્તિ સંગઠિત ક્ષેત્રના હાથમાં છે જે કોર્પોરેટ અને જાહેર ક્ષેત્રના ઔદ્યોગિક ગૃહોનું બનેલું છે. જયારે અસંગઠિત ક્ષેત્ર ખેતી, નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો, ખેતકામદારો, ઉપરાંત નાના પાયાના ઉદ્યોગોમાં કામ કરતા કામદારો, કલાકારો, કરારી કામદારો, ઘરેલુ નોકર, વાળંદ, ફેરિયા વગેરેનો સમાવેશ થાય

છે. આ શ્રમદળના ૫૧ ટકા સ્વરોજગારી પામેલા છે. ભારતમાં બેરોજગારીને દૂર કરવા અને ગરીબી નાબુદીના વિવિધ કાર્યક્રમો અમલી બન્યા છે અને વધુ ને વધુ બિનસરકારી સંગઠનો અને અન્ય નાણાંકીય એજન્સીઓ સૂક્ષ્મધિરાણ દ્વારા ગરીબી અને બેરોજગારી સામે લડવા વધુ ને વધુ બિનસરકારી સંગઠનો અને અન્ય એજન્સીઓ આગળ આવી છે. આર્થિક રીતે પછાત લોકો માટે ધિરાણ પ્રાપ્ત કરવા માટે બિલાડીના ટોપની માફક સ્વસહાય જૂથોની વૃદ્ધિ થઇ રહી છે.

ગરીબીને અર્થતંત્રના એક ઉત્પાદક અંગ તરીકે ભેગા કરવામાં આવી રહ્યા છે. ભારતમાં ૯૦ ટકા સૂક્ષ્મધિરાણ સ્વસહાય જૂથો દ્વારા વિતરણ કરવામાં આવ્યું છે. એવું નોંધાયું છે કે ૨૭૦ લાખ ગ્રાહકોમાંથી ૨૪૩ લાખ લોકોને સૂક્ષ્મધિરાણ પ્રાપ્ત થયું છે. સ્વસહાય જૂથના ૬૦ ટકા સૂક્ષ્મ ધિરાણ ગરીબોને સશક્ત કરવાના એક સાધન તરીકે વિશ્વના ઘણા દેશોમાં સફળ થયું છે.

- **સહકારી ક્ષેત્ર અને મહિલા સશક્તિકરણ :**
  - **મહિલા સશક્તિકરણ માટે સહકારી ક્ષેત્રનું મહત્ત્વ:**

આજે ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં સહકારી ક્ષેત્ર મહત્વની ભૂમિકા નિભાવી રહ્યુ છે તેથી તેનો અભ્યાસ કરવો આવશ્યક છે. મહિલાઓમાં બચત, કરકસર, સ્વાશ્રય, પરસ્પર સહાય જેવા સ્વાભાવિક ગુણો છે. જે સહકારી ક્ષેત્રે મહિલાઓના વિકાસમાં પરસ્પર સહાયક બને છે અને આર્થિક ગતિશીલતામાં ભૂમિકા ભજવે છે.

  - **ભારતમાં સહકારી ક્ષેત્ર અને મહિલા સશક્તિકરણ :**

આપણા દેશનો મોટા-ભાગનો વિસ્તાર ગ્રામીણ વિસ્તાર છે. ભારતીય અર્થતંત્રમાં કૃષિ ક્ષેત્ર કરોડરજજુ સમાન છે. કૃષિ ક્ષેત્ર સાથે સંલગ્ન વ્યવસાય એવા પશુપાલનને વૈજ્ઞાનિક પદ્ધતિથી વિકસાવી વધુ લાભ રળી આપતા વ્યવસાય તરીકે ખીલવવામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ મહત્વનું યોગદાન આપી રહેલ છે. આપણા દેશમાં શ્વેતક્રાંતિ સર્જનમાં આ ડેરીઓ અને તેમની સાથે સંકળાયેલ ગ્રામ્ય મહિલાઓનો ફાળો ભારે નોંધપાત્ર છે.

સહકારી સંસ્થાઓમાં સભ્યો જ નિર્ણયીકરણની પ્રક્રિયામાં સામેલ થાય છે. તટસ્થપણે સૌ સભાસદોના હિતમાં હકારાત્મક નિર્ણયો લઇ પાલન કરતા-કરવવામાં મહિલા સભ્યો સહભાગી બની રહે છે. એટલું જ નહિ પરંતુ માત્રને માત્ર મહિલા સભાસદોની બનેલી સહકારી ઉત્પાદક મંડળીઓ, મહિલા નાગરીક સહકારી બેંકો, મહિલા ધિરાણ મંડળીઓ, મહિલા સંઘો, મહિલા સહકારી દૂધ મંડળીઓ, મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીઓ, મહિલા ગ્રાહક સહકારી ભંડારો, મહિલા સિવણકામ સહકારી મંડળીઓ, મહિલા ગુંથણ-ભરતકામ સહકારી મંડળીઓ, મહિલા શૈક્ષણિક સહકારી મંડળીઓ, મહિલા ખેતીકામ સહકારી મંડળીઓ, મહિલા મરઘા-પાલન સહકારી મંડળીઓ, મહિલા પશુપાલન સહકારી મંડળીઓ, મહિલા મજૂર સહકારી મંડળીઓ, મહિલા મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓ, મહિલા સામાજિક સેવા સહકારી મંડળીઓ વગેરે રચાઇ છે અને મહિલાઓ તેનું સફળતાપૂર્વક સંચાલન કરે છે.

મહિલાઓના સ્વાશ્રયી જૂથો ગામડાઓ તેમજ કસબાઓમાં ઊભા થયા છે. જે મહિલાઓની તાકીદની નાણાંકીય જરૂરિયાતમાં સહાયરૂપ બને છે. મહિલાઓના આર્થિક, સામાજિક વિકાસમાં તેમજ જીવન ધોરણનું સ્તર ઊંચું લાવવા અને જીવનની ગુણવત્તા સુધારવામાં સહકારી મંડળીઓનું પ્રદાન નોંધપાત્ર રહ્યુ છે. આ મંડળીઓ સહકારી એકમો ચલાવવા માટે જરૂરી જ્ઞાન, તાલીમ અને અન્ય સહાય દ્વારા મહિલાઓમાં આત્મવિશ્વાસ અને હિંમતના ગુણોનું સિંચન કરી મહિલા સશક્તિકરણમાં મદદરૂપ થઇ રહે છે.

નેશનલ કો.ઓપરેટિવ યુનિયન ઓફ ઇન્ડિયા ન્યુ દિલ્હી દ્વારા પણ મહિલાઓના સશક્તિકરણના વિવિધ મુદ્દા પરત્વે સંબંધિત પાસાઓ ઉપર વિચારણા કરી રાષ્ટ્રીય ફલક ઉપર મહિલા અધિકાર પ્રાપ્ત સહકારી પ્રવૃત્તિ દ્વારા કરાવી શકાય તે ઉત્કૃષ્ટ ખ્યાલની ‘ નેશનલ કો. ઓપરેટિવ કમિટિ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન ’ ની રચના કરી છે.

- **ભારતમાં સહકારી મંડળીઓનો વિકાસ :**

ભારતમાં સ્થપાયેલ કુલ સહકારી મંડળીઓ, મહિલા સહકારી મંડળીઓ અને સભાસદોની સંખ્યાઓ નીચેના કોષ્ટકમાં આપી છે.

**કોષ્ટક નં.-૧.૧.૬ ભારતમાં મહિલા સહકારી મંડળીઓ અને સભાસદોની સંખ્યા**

| **વિગત** | **કુલ મંડળી** | **મહિલા મંડળીઓ** | **કુલ સભાસદો** | **મહિલા સભાસદો** |
|---|---|---|---|---|
| સંખ્યા | ૫.૫૦ લાખ | ૧૧,૭૬૦ | ૨૫ કરોડ | ૧.૨૫ કરોડ |

**સ્ત્રોતઃ** મહિલા વિશેષાંક, ગ્રામસ્વરાજ, માર્ચ ૨૦૦૮, અંક-૧૨, પૃ.૭

કોષ્ટક નં.૧.૧.૬ જોતા જણાય છે કે ભારતમાં પુરુષોની તુલનાએ મહિલા મંડળીઓની સંખ્યા તેમજ સભાસદોની સંખ્યા ઘણી ઓછી છે.

## (૩) સામાજિક સશક્તિકરણ:

વિશ્વના રાષ્ટ્રોમાં સામાજિક વિકાસ દ્વારા જ આર્થિક પ્રગતિ શક્ય બને છે. દેશની પ્રગતિનો આધાર પુરુષો અને મહિલાઓની સમાનતા પર રહેલો છે. જે દેશમાં મહિલાઓ અને પુરુષોને સમાન અધિકાર આપવામાં આવ્યા ન હોય તે દેશ દરેક બાબતોમાં અમુક અંશે પછાત જ રહે છે. આજે પણ મોટાભાગના ગામડાઓમાં લિંગ ભેદભાવ જોવા મળે છે. આ પ્રકારનો ભેદભાવ જ મહિલાઓ પ્રત્યે થઇ રહેલા અન્યાયો, અત્યાચારો અને સામાજિક કુરિવાજોને પ્રોત્સાહન આપે છે. જેથી મહિલાઓને સશક્ત કરવી જરૂરી છે. જો મહિલા સશક્ત બને તો જ સામાજિક રીતે થયેલા જાતિગત ભેદભાવ પ્રત્યે લડી શકે અને તો જ તેને સમાજના પ્રવાહની વિરૂદ્ધ તરી શકે તેવી શક્તિ પ્રાપ્ત થાય અને આ સામાજિક સશક્તિકરણની પ્રક્રિયા દ્વારા જ શક્ય છે.

સામાજિક સશક્તિકરણમાં મુખ્યત્વે ત્રણ બાબતો પર ભાર મૂકવામાં આવે છે.

i. મહિલાઓનો દરજ્જો
ii. જાતિગત પૂર્વગ્રહ
iii. મહિલાઓનું આરોગ્ય અને પોષણ

### (i) મહિલાઓનો દરજ્જો:

દરેક દેશે મહિલાઓનું સશક્તિકરણ કરીને પ્રગતિ કરી છે. પરંતુ મહિલા-પુરુષ વચ્ચે રહેલી અસમાનતાઓ ચાલુ છે. જન્મથી જ મહિલાઓને કુટુંબમાં દ્વિતીય દરજ્જો અને નીચી

ઓળખ અપાય છે. સમગ્ર વિશ્વ પુરુષ પ્રધાન વ્યવસ્થા ધરાવે છે. આથી સમાજમાં હંમેશા પુરુષોની અગત્યતા અને પ્રભાવિતતા પ્રવર્તતી રહી છે. આથી મહિલાઓનો સામાજિક દરજ્જો અને સામાજિક સ્થાન પુરુષની સરખામણીમાં હંમેશા નિમ્ન કક્ષાના અને હીણા રહ્યા છે. સમગ્ર વિશ્વના દરેક સમાજમાં એક યા બીજા સ્વરૂપે મહિલા અને પુરુષના સામાજિક દરજ્જાની અસમાનતા જોવા મળે છે.

ભારતીય સમાજમાં મહિલાઓનો દરજ્જો નીચો રહ્યો છે. વિશ્વ વિખ્યાત ફ્રેન્ચ ચિંતક જીન જેક્સરૂસે એનાં 'Social Contract ' નિબંધમાં જણાવે છે કે મનુષ્ય જન્મે છે ત્યારે સ્વતંત્ર હોય છે. પરંતુ તે દરેક જગ્યાએ ગુલામીની જંજીરોમાં જકડાયેલો જોવા મળે છે. [19] આવું જ આપણે ૨૧ મી સદીની ભારતીય મહિલાની બાબતમાં કહી શકીએ. ઘણી બધી ભારતીય મહિલાઓ પણ વણઉચ્ચારેલા જિંદગી પર્યંતના કારાવાસની સજા એવી જેલોમાં ભોગવી રહી છે જયાં વોર્ડન તરીકે સમાજનો પુરુષ વર્ગ છે.

### (ii) જાતિગત પૂર્વગ્રહ:

ભારતીય બંધારણમાં દરેક નાગરિક પુરુષ અને મહિલાને એક સરખા અધિકાર મળ્યા છે. તેથી જ આપણી સંસ્કૃતિમાં મહિલાને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. તેમ છતાં વિશ્વના મોટાભાગના દેશોમાં પુરુષ પ્રધાન સમાજ હોવાથી ઘર અને સમાજમાં પુરુષ-મહિલા વચ્ચે ભેદભાવ રાખવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓમાં સાંસ્કૃતિક પરંપરા અને આર્થિક જરૂરિયાતોએ જાતિગત પૂર્વગ્રહમાં મહત્વની ભૂમિકા ભજવી છે. ભારતીય સમાજમાં પુરુષ-મહિલા શિક્ષણ, આરોગ્ય અને પોષણ, કામકાજ, ખેતી, પૂરક પશુપાલન અને ઘરકામ, નોકરી, રાજકારણ વગેરે બાબતોમાં સદીઓથી ભેદભાવ જોવા મળે છે. વિશ્વના મોટાભાગના દેશોમાં લિંગ ભેદભાવ આજે પણ જોવા મળે છે.

- **ભારતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ :**

પુરુષ અને મહિલા વચ્ચેના જાતિગત ભેદભાવના કારણે ભારતમાં જ નહિ વિશ્વના અન્ય દેશોમાં પણ ૧૦૦૦ પુરુષો દીઠ મહિલાઓની સંખ્યામાં સતત ઘટાડો થઇ રહ્યો છે. મહિલાઓની ઘટતી જતી સંખ્યાઓને નીચેના કોષ્ટક અને રેખાલેખમાં દર્શાવવામાં આવી છે.

### કોષ્ટક નં.-૧.૧.૭ ૧૦૦૦ પુરુષો દીઠ મહિલાઓની સંખ્યા (૧૯૦૧ થી ૨૦૧૧)

| ક્રમ | વર્ષ | ભારત |
|---|---|---|
| ૧ | ૧૯૦૧ | ૯૭૨ |
| ૨ | ૧૯૧૧ | ૯૬૪ |
| ૩ | ૧૯૨૧ | ૯૫૪ |
| ૪ | ૧૯૩૧ | ૯૫૧ |
| ૫ | ૧૯૪૧ | ૯૪૬ |
| ૬ | ૧૯૫૧ | ૯૪૬ |
| ૭ | ૧૯૬૧ | ૯૪૧ |
| ૮ | ૧૯૭૧ | ૯૩૦ |
| ૯ | ૧૯૮૧ | ૯૩૪ |
| ૧૦ | ૧૯૯૧ | ૯૨૭ |
| ૧૧ | ૨૦૦૧ | ૯૩૩ |
| ૧૨ | ૨૦૧૧ | ૯૪૦ |

**Source :** Census of India 2011



**ચાર્ટ- ૧.૨: ૧૦૦૦ પુરુષો દીઠ મહિલાઓની સંખ્યા (૧૯૦૧ થી ૨૦૧૧)**

કોષ્ટક નં.૧.૧.૭ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં ૧૯૦૧ થી ૨૦૦૧ સુધી પુરુષો દીઠ મહિલાઓની સંખ્યામાં ક્રમિક ઘટાડો યયેલો જણાય છે, જયારે ૧૯૯૧ થી મહિલાઓના પ્રમાણમાં થોડો વધારો થયેલો જોવા મળે છે. દેશમાં દરેક જગ્યાએ હત્યાઓ થયાના સમાચારો સાંભળીએ છીએ. આમ દિવસે-દિવસે મહિલાઓની સંખ્યામાં ઘટાડો થતો જાય છે.

- **જાતિગત સમાનતા આંકના નિર્દેશકો :**

યુ.એન.ડી.પી. દ્વારા પ્રકાશિત માનવવિકાસ અહેવાલ જાતિગત સમાનતાના માપણી (GEM) માટે જાતિગત વિકાસ આંક (GDI) શોધવામાં આવે છે તેના મુખ્ય નિર્દેશકો નીચે પ્રમાણે છે.

૧. શ્રમદળમાં ભાગીદારી

૨. શિક્ષણની પ્રાપ્તિ

૩. સંસદીય પ્રતિનિધિત્વ

૪. પુખ્ત ઉંમર ફળદ્રુપતા

૫. માતૃત્વ મૃત્યુ [20]

જાતિગત સમાનતા આંકના ત્રણ પરિમાણો છે.




## (iii) મહિલાઓનું આરોગ્ય અને પોષણઃ

આરોગ્ય ક્ષેત્રમાં વાસ્તવિક અને ઝડપી વિકાસ માટે આરોગ્ય, શિક્ષણ અને જાગૃતિ અભિયાનને સૌથી ઊંચી અગ્રિમતા આપવામાં આવે છે. સામાન્ય માંદગીના કારણે બાળકોના મૃત્યુ થાય છે. રાજય સરકારે કુપોષણ નિયંત્રણની પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપી છે. ઇ.સ.૨૦૦૮-૦૯ ના વર્ષને નિરોગી બાળવર્ષ તરીકે ઉજવ્યું હતું જેમાં બાળકો, તરુણો અને માતાઓમાં કુપોષણ નિયંત્રણ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. રાજય કક્ષાએ પોષણના કાર્યક્રમોના અમલ અને નિયમન માટે રાજય પોષણ સેલની રચના કરવામાં આવી હતી. ગુજરાત સરકારે તેમાં બાળકો અને માતાઓના કુપોષણની કક્ષા સુધારવા માટે ઘણા પગલાઓ લીધા છે. રાજય સરકારે પોષણ કાર્યક્રમોમાં જીવન અભિગમ અપનાવ્યો છે. જેમકે ગર્ભથી તરુણ અવસ્થા સુધી મમતા અભ્યાનમાં પણ આજ અભિગમ સ્વીકારાયો છે.

- **મહિલા અને બાળ વિકાસ વિભાગ:**

આ વિભાગ હેઠળ મહિલા અને બાળકોના કલ્યાણ, સશક્તિકરણ અને ઉદ્ધાર માટે વિવિધ યોજનાઓ ચલાવે છે. તેમજ મહિલા અને નવજાત શિશુઓને પોષણ અને બાળકોના આરોગ્યની સંભાળ જેવી બાબતોનું નિરીક્ષણ કરે છે. જરૂર જણાય ત્યાં પગલા લે છે. ગુજરાતમાં ‘ સંકલિત બાળ વિકાસ ’ યોજના છોટાઉદેપુરમાં ૧૯૭૯ માં બ્લોકમાં ચાલુ કરવામાં આવી હતી. ત્યાર પછી ક્રમશઃ બ્લોકની સંખ્યા વધારાઇ છે. નવેમ્બર ૨૦૦૯ પ્રમાણે ૩૩૬ બ્લોક હતા. તેમાંથી ૨૩૩ બ્લોક સામાન્ય વિસ્તારમાં હતા. જયારે ૮૦ બ્લોક્સ આદિવાસી વિસ્તારમાં અને બાકીના ૨૩ બ્લોક શહેરી વિસ્તારમાં હતા. રાજયમાં ૪૪,૧૭૯ આંગણવાડી કેન્દ્રો છે. આ યોજના અંતર્ગત નવેમ્બર ૨૦૦૯ સુધી કુલ ૩૧.૦૪ લાખ લાભાર્થીઓને આવરી લેવાયા હતા. ૪૦ લાખ લાભાર્થીઓનું લક્ષ્ય હતું તેમાંથી ૮૦.૩૩ ટકાને લાભ મળ્યો છે. આ યોજના અંતર્ગત ૬ મહિનાથી ૭ મહિના સુધી ગર્ભવતી મહિલાઓ અને ધાવણ આપતી મહિલાઓ, બાળકોમાં કુપોષણ નાબૂદી અને આરોગ્યનું ધોરણ જળવાય તે માટે આવરી લેવાય છે.

**પૂરક પોષણ :-** ખોરાક અને વિકાસ નિયમન અને વિટામીન એ.ની ઊણપ, એનિમિયા રોગ, પોષણ ને લગતા, લોહીની ઊણપના રોગોની સામે રોગરોધક દવાઓનો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત સમાજના બધાજ કુટુંબોમાંથી ૬ વર્ષથી નીચેની ઉંમરના બાળકો, ગર્ભવતી મહિલાઓ અને બાળઉછેર કરતી મહિલાઓનો સર્વે કરાય છે. તેઓને પૂરક પોષણ વર્ષના ૩૦૦ દિવસ પૂરો પાડવામાં આવે છે. આંગણવાડીઓ દ્વારા પ્રોટીન શક્તિ પૂરી પાડવાનો પ્રત્યક્ષ પ્રયત્ન કરાય છે.

આ ઉપરાંત ગુજરાત સરકારે સૂક્ષ્મ પોષણ માટે બાલભોગ યોજના દાખલ કરી છે. આ યોજના અંતર્ગત ત્રણ પોષણ સંબંધી કાર્યક્રમો અમલમાં મૂક્યા છે.

૧. તંદુરસ્તી માટે મિશ્રિત ખોરાક
૨. મિશ્રિત લોટ (પોષણ યુક્ત લોટ)
૩. પોષણયુક્ત ચોકલેટ

- **પંચવર્ષીય યોજનાઓ દરમિયાન આરોગ્ય અને પોષણ :**

ભારત જેવા વિકાસશીલ દેશમાં વધુને વધુ મહિલાઓના વિકાસ અને તેના વિકાસની પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી પર ભાર મૂકવામાં આવે છે. મહિલાઓ કુટુંબ અને બાળકોની સંભાળ રાખે છે. ગ્રામ્ય મહિલાઓ ઉત્પાદક પ્રવૃત્તિઓ અને પરંપરાગત કાર્યો દ્વારા આવકનું સર્જન કરે છે. માનવ વિકાસની દરેક પ્રવૃત્તિઓમાં મહિલાઓનું અમૂલ્ય યોગદાન છે. તેથી ગ્રામીણ મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવવી ખૂબજ જરૂરી છે. મહિલાઓના સર્વાંગી વિકાસ એ આયોજનની પ્રક્રિયાના ઉદ્દેશોમાંનો એક મહત્વનો ઉદ્દેશ છે.

**પ્રથમ પંચવર્ષીય યોજના(૧૯૫૧-૫૬) :** પ્રથમ પંચવર્ષીય યોજના દરમિયાન મહિલા કલ્યાણના કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. જેવાકે કેન્દ્રીય સામાજિક કલ્યાણ બોર્ડની સ્થાપના, મહિલા મંડળ સંગઠનની રચના કરવામાં આવી અને જાતિગત વિકાસ કાર્યક્રમોના કેટલાક પગલા લેવામાં આવ્યા હતા.

**બીજી પંચવર્ષીય યોજના(૧૯૬૫-૬૧) :** બીજી પંચવર્ષીય યોજના દરમિયાન મહિલા સશક્તિકરણને ખેતીના વિકાસ કાર્યક્રમ સાથે જોડી દઇને અનેક મહિલા કલ્યાણની યોજનાઓ અમલમાં મૂકી હતી.

**ત્રીજી અને ચોથી પંચવર્ષીય યોજના(૧૯૬૯-૭૪) :** આ બંને પંચવર્ષીય યોજના દરમિયાન મહિલા કલ્યાણ માટે શિક્ષણને ટેકો આપવામાં આવ્યો હતો.

**પાંચમી પંચવર્ષીય યોજના(૧૯૬૯-૭૪) :** આ યોજનામાં મહિલા તાલીમ અને રક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. અને ભારતમાં મહિલાઓની સ્થિતિ અંગે અહેવાલ રજૂ કર્યો હતો. ૧૯૭૬માં મહિલા કલ્યાણ અને વિકાસ બ્યુરોની સ્થાપના કરવામાં આવી હતી.

**છઠ્ઠી પંચવર્ષીય યોજના (૧૯૮૦-૮૫) :** છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં મહિલા સશક્તિકરણની વ્યાખ્યા - કલ્યાણ પરથી વિકાસ પર ભાર મૂકી બદલવામાં આવી અને મહિલા વિકાસમાં સંસાધનોનો અભાવ દૂર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**સાતમી પંચવર્ષીય યોજના (૧૯૮૫-૯૦) :** આ યોજના દરમિયાન જાતિગત સમાનતા અને સશક્તિકરણની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો. આત્મવિશ્વાસ પેદા કરવો, સશક્તિરકણના સંદર્ભમાં જાગૃતિ ઊભી કરવી, જેવીકે હક્કો, તકો અને તાલીમ વગેરે બાબતે ગુણવત્તાયુક્ત પાસા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**આઠમી પંચવર્ષીય યોજના (૧૯૯૨-૯૭) :** આઠમી પંચવર્ષીય યોજનામાં પંચાયતીરાજ સંસ્થાઓ દ્વારા મહિલાઓને સશક્ત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**નવમી પંચવર્ષીય યોજના (૧૯૯૭-૨૦૦૨) :** આ યોજનામાં મહિલા ઘટક આયોજન માટે વ્યૂહ રચનાનો સ્વીકાર કરવામાં આવ્યો. આ અંતર્ગત કુલ ભંડોળના ૩૦ ટકા કરતાં ઓછું નહી એટલું ફંડ મહિલા સશક્તિકરણ યોજનાઓ પાછળ ખર્ચવું.

**દસમી પંચવર્ષીય યોજના(૨૦૦૨-૨૦૦૭) :** આ યોજના દરમિયાન મહિલા સશક્તિકરણની નીતિ (૨૦૦૧) સ્વીકારવામાં આવી. તેમાં મહિલાઓ અને બાળકોના રક્ષણ અને વિકાસ માટે હક્કો આધારિત અભિગમ અપનાવવામાં આવ્યો છે.

**અગિયારમી પંચવર્ષીય યોજના( ૨૦૦૭-૧૨) :** આ યોજનામાં આરોગ્ય, પોષણ, શિક્ષણ, આવક સર્જન કરતી પ્રવૃત્તિઓ, મહિલાઓને માનસિક સંતાપ કે દુઃખમાં રાહત અને પૂર્વસ્થિતિ પર પુનઃ સ્થાપિત કાયમી પ્રવૃત્તિઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. અને તેને પ્રાથમિકતા આપવામાં આવી છે.

- **મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય નીતિ ૨૦૦૧ :**

મહિલાઓના વિકાસ અને સશક્તિકરણના મુખ્ય ધ્યેયો અને હેતુઓ આ પ્રમાણે છે.

૧. હકારાત્મક આર્થિક અને સામાજિક નીતિઓ દ્વારા મહિલાઓના વિકાસ અને તેમની સુસુપ્ત શક્તિઓને ઓળખવા માટે વાતાવરણનું સર્જન કરવું.

૨. રાજકીય, આર્થિક, સામાજિક અને નાગરિત્વના ક્ષેત્રે મહિલાઓને માનવીય અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતા પુરુષોની સરખામણીમાં આપવી.

૩. રાષ્ટ્રના સામાજિક, રાજકીય અને આર્થિક જીવનમાં ભાગીદારી અને નિર્ણય પ્રક્રિયામાં સમાન તક પૂરી પાડવી.

૪. મહિલાઓને આરોગ્ય, દરેક કક્ષાએ ગુણવત્તાયુક્ત શિક્ષણ, વ્યવસાયલક્ષી માર્ગદર્શન, સશક્તિકરણ, સામાજિક સલામતી અને જાહેર કાર્યાલય વગેરેમાં સમાન તક પૂરી પાડવી.

૫. મહિલાઓ વિરુદ્ધ બધાજ સ્વરૂપમાં થતા ભેદભાવને દૂર કરવા અને કાયદાકીય પદ્ધતિને મજબૂત કરવી.

૬. મહિલા અને પુરુષ બંનેની સક્રિય ભાગીદારી દ્વારા સામાજિક વ્યવહારો અને સામાજિક વલણોમાં પરિવર્તન લાવવું.

૭. મહિલાઓને વિકાસની પ્રક્રિયાની મુખ્ય ધારામાં જોડવી.

૮. મહિલાઓ અને બાળકો વિરુદ્ધ થતી બધાજ પ્રકારની હિંસા અને ભેદભાવને નાબૂદ કરવું.[21]

- **ભારતના સ્વાસ્થ્ય સંબંધિત નિર્દેશકો**

ભારતના સ્વાસ્થ્ય સંબંધિત નિર્દેશકો કોષ્ટક ૧.૧.૮માં દર્શાવવામાં આવ્યા છે. આર્થિક સર્વે ૨૦૦૯-૧૦ માં આરોગ્ય સંબંધિત કેટલાક મહત્વના નિર્દેશકો વર્ણવેલ છે. જે ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ છે. જેમાં જોતા જણાય છે કે ભારતમાં ૧૯૮૧ ની તુલનાએ ૧૯૯૧માં જન્મદર ઘટયો છે. અને તે ૨૦૦૮ માં ૨૨.૮ ટકા જેટલો છે. આ ઉપરાંત મૃત્યુદર, ફળદ્રુપતા દર અને બાળ મૃત્યુદરમાં પણ ઘટાડો થયેલ છે. જયારે અપેક્ષિત આયુષ્યમાં વધારો થયેલો જોવા મળે છે. જે લોકોના આરોગ્યમાં સુધારાનો નિર્દેશ કરે છે.

**કોષ્ટક નં.-૧.૧.૮ ભારતમાં સ્વાસ્થ્ય સંબંધિત નિર્દેશકો**

| ક્રમ | વિગત | ૧૯૮૧ | ૧૯૯૧ | ચાલુ દર |
|---|---|---|---|---|
| ૧ | કાચો જન્મ દર<br>(દર ૧000ની વસ્તીએ) | ૩૩.૯ | ૨૯.૫ | ૨૨.૮<br>(૨00૮) |
| ૨ | કાચો મૃત્યુ દર<br>(દર ૧000ની વસ્તીએ) | ૧૨.૫ | ૯.૮ | ૭.૪ (૨00૮) |
| ૩ | કુલ પ્રજોત્પત્તિ<br>(દર સ્ત્રીએ) | ૪.૫ | ૩.૬ | ૨.૭ (૨00૭) |
| ૪ | માતૃત્વ મૃત્યુ દર<br>(દર ૧00000 જીવંત જન્મએ) | - | - | ૨૫૪<br>(૨00૪-0૬) |
| ૫ | બાળ મૃત્યુ દર<br>(દર ૧000 જીવંત જન્મ)<br>પુરુષ<br>સ્ત્રી | ૧૧0 | ૮0 | ૫૩ (૨00૮)<br>૫૨<br>૫૫ |
| ૬ | બાળ મૃત્યુ દર<br>(દર ૧000 બાળકોએ) | ૪૧.૨ | ૨૬.૫ | ૧૬.0<br>(૨00૭) |
| ૭ | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય<br>કુલ<br>પુરુષ<br>સ્ત્રી | (૧૯૮૧-૮૫)<br>૫૫.૫<br>૫૫.૪<br>૫૫.૭ | (૧૯૮૯-૯૩)<br>૫૯.૪<br>૫૯.0<br>૫૯.૭ | (૨00૨-0૬)<br>૬૩.૫<br>૬૨.૬<br>૬૪.૨ |

**Source :** Economic Survey, 2009-10

## (૪) કાયદાકીય સશક્તિકરણ :

૨૬ જાન્યુઆરી ૧૯૫0 માં ભારતીય બંધારણ અમલમાં આવ્યું. બંધારણમાં બધા ભારતીયોને બંધારણીય અધિકારો આપનાવવામાં આવ્યાં જેને મૂળભૂત અધિકારો કહેવામાં આવે છે. બધાજ ભારતીય પછી તે મહિલા હોય કે પુરુષ તેમની સમાન રીતે જીવન સુરક્ષા, રક્ષણ અને સમાન પ્રગતિ અને વિકાસની તકો હોવી, એવી વ્યવસ્થા કરી છે. ભારતીય બંધારણમાં મહિલાઓને મહત્વના માનવ સંસાધન તરીકે મહત્ત્વ અપાયું છે. એટલું જ નહીં પરંતુ મહિલાઓની તરફેણમાં હકારાત્મક ભેદભાવ માટેના પગલાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બંધારણની ઘણી પેટા કલમોમાં ખાસ કરીને બંધારણમાં મહિલાઓ પ્રત્યેના

સામાજિક, આર્થિક વિકાસ, તેમના રાજકીય હક્કો અને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી પ્રત્યેની વચન બદ્ધતાને વારંવાર દોહરાવવામાં આવેલ છે.

- **મહિલાઓ માટેની બંધારણીય જોગવાઇઓ :**

ભારતીય બંધારણ મહિલાઓને નીચે પ્રમાણેની બાંયધરી આપે છે.

| | | |
|---|---|---|
| અનુચ્છેદ-૧૪ | :- | પુરુષ અને મહિલાને રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં સમાન હક્કો અને તકો છે. |
| અનુચ્છેદ-૧૫(૧) | :- | ધર્મ, જ્ઞાતિ, જાતિના આધારે દેશના કોઇપણ નાગરિક પ્રત્યે ભેદભાવ પર પ્રતિબંધ છે. |
| અનુચ્છેદ-૧૫(૩) | :- | મહિલાઓની તરફેણમાં હકારાત્મક ભેદભાવો કરવાની રાજયોને વિશિષ્ટ સત્તા છે. |
| અનુચ્છેદ-૧૬(૧) | :- | જાતિ, રાષ્ટ્રીયતા કે ધર્મને લગતી કોઇ પણ મર્યાદા વિના પુખ્તવયના મહિલા પુરુષોને લગ્ન કરવાનો અને કુટુંબ નિર્માણ કરવાનો અધિકાર છે. લગ્ન વિશે, લગ્ન દરમિયાન અને જુદા પડતી વખતે તેઓ સમાન હક્કના અધિકારી છે. |
| અનુચ્છેદ-૨૧ | :- | જીવનનો અધિકાર |
| અનુચ્છેદ-૩૯(એ) | :- | પુરુષ અને મહિલાને સમાન રીતે જીવન નિર્વાહના સાધનો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. |
| અનુચ્છેદ-૩૯(ડી) | :- | પુરુષ અને મહિલા બંનેને સમાન કામ માટે સમાન વેતન મળશે. |
| અનુચ્છેદ-૪૨ | :- | કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ સિદ્ધ કરવા માટે અને પ્રસૂતા સહાય માટે રાજય જોગવાઇ કરશે. |
| અનુચ્છેદ-૫૧(એ) | :- | મહિલાઓના માન, સન્માન કે પ્રતિષ્ઠાને ખંડન કરે તેવા વ્યવહારોને વર્જ્ય કરવું. |

- **ભારતમાં મહિલાઓ માટે કાયદાકીય રક્ષણ :**

**❖ દહેજ, લગ્ન અને છૂટાછેડા સંબંધિત કાયદાઓ :**

- દહેજ પ્રતિબંધક કાયદો, ૧૯૬૧
- વિદેશી લગ્ન કાયદો, ૧૯૬૯
- ખાસ લગ્ન કાયદો, ૧૯૫૪
- ક્રિશ્ચિયન લગ્ન કાયદો, ૧૮૭૨
- હિન્દુ લગ્ન કાયદો, ૧૯૫૫
- ભારતીય છૂટાછેડાનો કાયદો, ૧૮૬૯
- બાળલગ્ન પ્રતિબંધક કાયદો, ૨૦૦૬

❖ **કામ કરતી મહિલાઓના હક્કોના રક્ષણ સંબંધિત કાયદાઓઃ**

- બિડી અને સિગારેટ કામદારોનો (રોજગારીની શરતો) કાયદો, ૧૯૬૬
- બંધવા મજૂરી પદ્ધતિ નાબૂદીનો કાયદો, ૧૯૭૬
- ફિલ્મી કામદારો અને ફિલ્મી થીયેટર કામદાર રોજગાર નિયંત્રણ કાયદો, ૧૯૮૧
- કરારી કામદાર નિયંત્રણ અને નાબૂદી કાયદો, ૧૯૭૦
- કામદાર રાજ્ય વિમા કાયદો, ૧૯૪૮
- આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર કાયદો, ૧૯૭૯
- લીગલ પ્રેકટીશનર (વુમન) કાયદો, ૧૯૨૩
- પ્રસૂતિલાભ કાયદો, ૧૯૬૧
- ન્યુનત્તમ વેતન કાયદો, ૧૯૪૮
- વેતન ચૂકવણીનો કાયદો, ૧૯૩૬
- પ્લાનટેશન શ્રમ કાયદો, ૧૯૫૧
- કામદારોને વળતરનો કાયદો, ૧૯૨૩
- માઇન્સ એકટ, ૧૯૫૨

❖ **મિલકતના અધિકાર સંબંધિત કાયદાઓ :**

- ઇન્ડિયન સેકશન એકટ, ૧૯૨૫
- પરિણિત મહિલાઓની મિલકતનો કાયદો, ૧૮૭૪
- હિન્દુ સેકશન એકટ, ૧૯૫૬
- મુસ્લિમ પર્સનલ લો (શેરીઅત) એપ્લિકેશન એકટ, ૧૯૩૭

❖ **મહિલાઓની સામે થતા ગુનાઓ સંબંધિત કાયદાઓઃ**

ભારતીય IPC ધારા હેઠળ નીચે પ્રમાણેના ગુનાઓની ઓળખ કરવામાં આવે છે.

- બળાત્કાર (SEC. ૩૭૬ IPC )
- અપહરણ અને જુદા જુદા હેતુઓ માટે કરવામાં આવતો અત્યાચાર (SEC. ૩૬૩-૩૭૩ IPC )

- દહેજ માટે હત્યા, દહેજ મૃત્યુ અથવા તેનો પ્રયત્ન (SEC. ૩૦૨/૩૦૪-B Of IPC)
- દમન, શારિરીક અને માનસિક ત્રાસ (SEC. ૪૯૮-A of IPC )
- પીડા કે ત્રાસ (SEC. ૩૫૪ of IPC )
- જાતિય સતામણી (SEC. ૫૦૯ of IPC )
- ૨૧ વર્ષની ઉંમર સુધીની છોકરીઓની આયાત (SEC. ૩૬૬ -B of IPC )

### ❖ વિશિષ્ટ કાયદાઓ અતંર્ગત ગુનાઓની ઓળખ :

- ઘરેલું હિંસા સામે રક્ષણનો કાયદો, ૨૦૦૫ (43 of 2005 )
- સતીપ્રથા નાબૂદીનો કાયદો, ૧૯૮૭ (3 of 1988)
- દહેજ પ્રતિબંધક કાયદા (28 of 1961)
- અનૈતિક વ્યાપાર પ્રતિબંધક કાયદો, ૧૯૫૬ [22]

### ❖ અધિનિયમો ઉપરાંત મહિલાઓના સંરક્ષણ માટે નીચેની જોગવાઇઓ:

એકટ-૧૦ : કોઇપણ મહિલાની સાથે છેડછાડ કે બળાત્કાર કરવો.

એકટ-૨૪૯ : જાહેર સ્થળો પર અશ્લીલ કાર્ય કે મહિલાઓને જોઇને અશ્લીલ ગીત ગાવું.

એકટ-૩૦૪ : લગ્ન બાદ મહિલાને સળગાવી દેવી, શારીરિક ઇજા પહોંચાડવી.

એકટ-૩૧૨ : ગર્ભપાત કરવા માટે દબાણ કરવું.

એકટ-૩૧૩ : મહિલાની સંમતિ વગર ગર્ભપાત કરાવવો.

એકટ-૩૧૪ : ગર્ભપાત સમયે જો મહિલાનું મૃત્યુ થાય તો દંડને પાત્ર ગુનો છે.

એકટ-૩૧૬ : જીવિત બાળકનું મૃત્યુ કરાવવું.

એકટ-૩૫૪ : લાજ લૂંટવાના આશયથી મહિલા પર હુમલો કરવો.

એકટ-૩૬૧ : વિધિપૂર્ણ સરંક્ષણમાંથી અપહરણ

એકટ-૩૬૨ : અપહરણ

એકટ-૩૬૩ : અપહરણ માટે દંડ

એક્ટ-૩૬૪ : હત્યા માટે હરણ

એક્ટ-૩૬૬ : લગ્ન માટે મહિલાને મજબૂર કે દબાણ કરવું.

એક્ટ-૩૭૩ : વેશ્યાવૃત્તિ માટે સગીરને ખરીદવી.

એક્ટ-૩૭૫ : બળાત્કાર માટે દંડ

એક્ટ-૩૭૭ : પ્રકૃતિ વિરુદ્ધ ગુનો

એક્ટ-૪૯૪ : પતિ કે પત્નીના પુનઃ લગ્ન કરવા [23]

- **મહિલા સશક્તિકરણ માટે મદદરૂપ માનવ અધિકાર સંબંધી રાષ્ટ્રસંઘના ઠરાવોઃ**

**૧.** વ્યક્તિઓનો વેપાર (ગુલામીનો વેપાર) અને વેશ્યાવેપાર નાબૂદ કરવાનો રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાનો ઠરાવ ૩૧૭ તા. ૦૨-૧૨-૧૯૪૯.

**૨.** આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થાના ૩૪ માં સત્રમાં તા. ૨૯-૬-૧૯૫૧ ના રોજ પસાર સમાન વેતનનો ઠરાવ.

**૩.** મહિલાઓના રાજકીય અધિકારો સંબંધી રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ પસાર કરેલ ઠરાવ નં.૬૪૦(૭) તા.૨૦-૧૨-૧૮૫૬ તા. અમલ તા.૦૭-૦૭-૧૯૫૨.

**૪.** ગુલામી નાબૂદી કરાર તા. ૨૫-૦૯-૧૮૫૬ માં સહી કરેલા ગુલામી નાબૂદી કરારમાં રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ તા. ૨૩-૧૦-૧૯૫૩ ના ઠરાવ ૭૯૪(૮) થી સુધારો કરેલ અને ગુલામી જેવી અન્ય પ્રથા-રિવાજો નાબૂદ કરવા આર્થિક સામાજિક કાઉન્સિલ ઠરાવ નં. ૬૦૮(૨૫) તા. ૩૦-૦૪-૧૯૫૬ થી ઠરાવેલ છે.

**૫.** પરિણિત મહિલાઓનો રાષ્ટ્રીયતા માટે રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ તા. ૨૯-૦૧-૧૯૫૭ થી ઠરાવેલ છે. ( ઠરાવ નં. ૧૦૪૦ (૧૨)

**૬.** આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થાના ૪૨ મા સત્રમાં તા. ૨૫-૦૬-૧૯૫૮ થી નોકરી ધંધામાં ભેદભાવ દૂર કરવા ઠરાવેલ છે.

**૭.** શિક્ષણમાં ભેદભાવ દૂર કરવા યુનેસ્કોની તા. ૧૪-૧૨-૧૯૬૦ ની સામાન્ય સભામાં ઠરાવેલ છે.

**૮.** લગ્ન માટે સંમતિ, લઘુત્તમ ઉંમર અને લગ્ન નોંધણીનો ઠરાવ ૧૯૬૨

૯. આર્થિક-સામાજિક કાઉન્સિલના તા.૧૬-૦૫-૧૯૭૪ ના ઠરાવ નં ૧૮૭૧(૫૬) મુજબ લશ્કરી પગલા વખતે કટોકટીમાં મહિલાને અને બાળકોને રક્ષણ આપવા રાષ્ટ્રસંઘે ઠરાવેલ છે.

**૧૦.** મહિલાઓ વિરુદ્ધ તમામ પ્રકારના ભેદભાવ દૂર કરવા રાષ્ટ્રસંઘે તા.૧૮-૧૨-૧૯૭૯ થી ઠરાવેલ છે. અમલ તા.૦૩-૦૯-૧૯૮૧ ભારતે તા.૦૯-૦૭-૧૯૯૩ થી તેનો સ્વીકાર કરેલ છે.

**૧૧.** રાષ્ટ્રસંઘના વિકાસ માટે અધિકારનો ઠરાવ ૧૯૮૬ ના આર્ટીકલ ૮ થી વિકાસમાં મહિલાઓને સક્રીય ભાગીદારીનો અનુરોધ કરેલ છે.

**૧૨.** સ્થળાંતર કરેલ મજૂરો અને તેના કુટુંબીજનોના અધિકારનો રાષ્ટ્રસંઘની સામાન્ય સભાનો ઠરાવ ૪૫/૧૫૮ તા. ૧૮-૧૨-૧૯૯૦ રાષ્ટ્રસંઘની સામાન્ય સભાનું " સ્ત્રીઓ વિરુદ્ધ થતા અત્યાચાર નાબૂદી જાહેરનામું ૧૯૯૩."

**૧૩.** ૧૯૯૩ ના વિયેનાની માનવીય અધિકારોની વિશ્વ પરિષદના જાહેરનામામાં જાહેર કરેલ છે કે મહિલાઓના માનવીય અધિકારો વૈશ્વિક માનવીય અધિકારોનું અભિન્ન, અંતર્ગત અને અવિભાજય અંગ છે.

**૧૪.** રાષ્ટ્રસંઘની તા.૧૨-૧૨-૧૯૯૭ ની સામાન્ય સભાના ઠરાવ નં.૫૨/૮૬ " ગુન્હા અટકાયત અને ન્યાયના પગલામાં મહિલાઓ વિરૂદ્ધના ત્રાસ દૂર કરવા બાબત" નો ઠરાવ.

- **મહિલાઓ પ્રત્યે તમામ પ્રકારના ભેદભાવો નાબૂદ કરવાનું હક્કપત્રક :**

મહિલાઓ વિશેના આ હક્કપત્રકને રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ ૧૯ ડિસેમ્બર ૧૯૭૯ ના રોજ સ્વીકારતા તા.૦૩-૧૨-૧૯૮૧ થી અમલમાં આવેલ છે.

" મહિલાઓ સામે બધા પ્રકારના ભેદભાવ દૂર કરો" તેવા આ હક્કપત્રકની કલમો નીચે મુજબ છે.

**૧. ભેદભાવની વ્યાખ્યા**

માનવ હક્કોને માનવીની બધા ક્ષેત્રની પ્રવૃત્તિ માટેના સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોને નકોર જેવી અસર ઊભી કરે તેવું જાતિના ધોરણે કરવામાં આવે તો કોઇ પણ ભેદભાવ, જુદાઇ, બાકતપણુ અથવા નિયંત્રણ.

**૨. ભેદભાવ નિવારવા લેવાનાં નીતિ વિષયક પગલાઃ**

દેશના બંધારણ અને અન્ય કાયદાઓમાં સમાનતાનો સિદ્ધાંત દાખલ કરવો અને વ્યવહારમાં તેનો અમલ થાય તે જોવું. ભેદભાવ સામે રક્ષણ માટે સંસ્થાઓ સ્થાપવી. જાહેર સત્તાઓ અને સંસ્થાઓ ભેદભાવથી દૂર રહે તે જોવું. મહિલાઓ સામે ભેદભાવ રાખતા હોય તેવા તમામ કાયદાઓ, નિયમો રદ કરવા.

૩. પુરુષો સાથે સમાન ધોરણે માનવ હક્ક અને સ્વતંત્રતાના અધિકારોની ખાતરી

**૪. સમાનતા માટે હંગામી ખાસ પગલાઓઃ**

- હંગામી ખાસ પગલા લેવા અને સમાનતા પ્રસ્થાપિત થયે તે નાબૂદ કરવાં.
- પ્રસૂતિ રક્ષા માટેના ખાસ પગલાં (માતૃત્વ) ભેદભાવ યુક્ત ગણાતાં નથી.
- સ્ત્રી-પુરુષ વચ્ચેની લઘુતાગ્રંથી અથવા ગુરુતાગ્રંથી આધારિત બાબતો નાબૂદ કરવી.
- સ્ત્રી-પુરુષ બંનેને સરખી જવાબદારી છે. તેવું કુટુંબ શિક્ષણ મળે તેમ કરવું.

**૫. સ્ત્રી-પુરુષનાં કાર્યોઃ**

સ્ત્રી-પુરુષના લઘુતા અને ગુરુતાના ખ્યાલને દૂર કરવા સામાજિક અને સાંસ્કૃતિક પદ્ધતિઓમાં ફેરફાર કરવો.

**૬. વેશ્યા વ્યવસાય :**

બધા પ્રકારની મહિલાઓના જાતિય શોષણ અને વેશ્યાઓનું શોષણ દૂર કરવાનાં પગલાં લેવા.

**૭. રાજકીય અને જાહેર જીવનઃ**

- બધી ચૂંટણીઓમાં મતદાનનો હક્ક અને ચૂંટવાની પાત્રતા.

- સરકારી નીતિના ઘડતરમાં ભાગીદારી અને સરકારમાં બધા સ્તરે હોદ્દાઓ ધારણ કરવા.
- બિન-સરકારી સંસ્થાઓમાં ભાગ લેવો.

**૮. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગીદારી :**

આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભાગ લેવો.

**૯. રાષ્ટ્રીયતા :**

- નાગરીક્તા પ્રાપ્ત કરવા, બદલવા અથવા ચાલુ રાખવા સમાન અધિકાર
- પોતાના બાળકો માટે નાગરિક્તાના સમાન હક્ક

**૧૦. શિક્ષણ માટે સમાન અધિકાર :**

- શિક્ષણ અને વ્યવસાયિક માર્ગદર્શન માટે સમાન પ્રવેશ
- સમાન અભ્યાસક્રમ, પરીક્ષાઓ, ધોરણો અને સાધનો
- શિષ્યવૃત્તિ અને સહાય માટે સમાન તક.
- અભ્યાસની પ્રગતિ સહિત શિક્ષણ ચાલુ રાખવા સમાન પ્રવેશનો અધિકાર
- શિક્ષણ અને પાઠયપુસ્તકોની ચીલાચાલુ પદ્ધતિની નાબૂદી
- અભ્યાસ પડતો મૂકવાના મહિલાઓના કિસ્સાઓમાં પગલા લેવાં.
- રમતગમત અને શારીરિક શિક્ષણમાં સમાન ભાગીદારી.
- આરોગ્ય અને કુટુંબ નિયોજનની માહિતી મેળવવા સમાન તકો.

**૧૧. રોજગારી :**

- પુરુષ સમાન રોજગારના અધિકારો
- ધંધો, નોકરી અને તાલીમ માટે પસંદગીમાં સ્વતંત્રતા
- સમાન કામગીરી માટે સમાન વેતન, અન્ય લાભો અને સમાન વળતર
- સામાજિક સુરક્ષા
- વ્યવસાયિક આરોગ્ય અને રક્ષણની સાવચેતી.

- સગર્ભાવસ્થા આરોગ્ય અને રક્ષણની સાવચેતી
- પ્રસૂતિની રજા.
- બાળસંભાળ સહિત સામાજિક સેવાઓને ઉત્તેજન આપવું.
- સગર્ભાવસ્થા દરમિયાન નુકશાનકારક કામગીરી સામે ખાસ રક્ષણ.

**૧૨. આરોગ્યની કાળજી અને કુટુંબ નિયોજન :**

- સમાન અધિકાર
- સગર્ભાવસ્થા સંબંધી જરૂરી સેવાઓ.

**૧૩. આર્થિક અને સામાજિક લાભ :**

- કુટુંબ લાભો સમાનતાના ધોરણે મેળવવા, લોન અને ક્રેડિટ
- મનોરંજન પ્રવૃત્તિઓ, રમતગમત અને સાંસ્કૃતિક જીવનમાં ભાગીદારી અને સમાન હક્ક

**૧૪. ગ્રામીણ મહિલાઓ :**

- ગ્રામીણ મહિલાઓના વિશિષ્ટ પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપવું. કૌટુંબિક આર્થિક પરિસ્થિતિમાં તેમનું ખાસ પ્રદાન અને તેમના કામ માટે વળતરનો અભાવ.
- વિકાસમાં સમાન ભાગીદારી સ્વીકારવી.
- વિકાસ આયોજન અમલમાં સમાન ભાગીદારીનો હક્ક
- આરોગ્ય સંભાળ અને કુટુંબ નિયોજન સેવાઓ મેળવવા.
- સામાજિક સુરક્ષાના સીધા લાભો મેળવવાનો અધિકાર.
- તાલીમ અને શિક્ષણનો સમાન અધિકાર.
- સ્વયં સહાયકારી જૂથો અને સહકારી મંડળીઓ રચવાનો અધિકાર.
- બધી સામૂહિક પ્રવૃત્તિઓમાં ભાગીદારીનો અધિકાર.
- લોન, સહાય, વેપારી સુવિધાઓ, યોગ્ય ટેકનોલોજી પ્રાપ્ત કરવાનો અધિકાર અને જમીન સુધારાની બાબતમાં સમાન વર્તાવ.

- મકાન, આરોગ્યપ્રદ સુવિધાઓ, વીજળી, પાણી, વાહનવ્યવહાર વગેરે જીવનની સુવિધાઓ યોગ્ય રીતે મેળવવાનો અધિકાર.

**૧૫. કાયદાની સમાનતા :**

- પુરુષો સમાન કાયદેસરની સમાનતાની ખાતરી કરાર કરવો. મિલકતનો વહીવટ, કોર્ટ, ટ્રિબ્યુનલ સમક્ષ હાજરી.
- સ્થળાંતરની સ્વતંત્રતા, નિવાસ અને રહેઠાણની પસંદગીનો અધિકાર.
- કરાર અને બીજા ખાનગી નિયંત્રણો મહિલાઓ માટે હોય તે રદ બાતલ જાહેર કરવાં.[24]

## (૫) રાજકીય સશક્તિકરણ:

ભારતમાં રાજકીય, સામાજિક અને આર્થિક દૃષ્ટિએ મહિલાઓનો વિકાસ ત્યારે જ સંભવ છે જયારે દેશની મહિલાઓ દેશના સમગ્ર વિકાસની પ્રક્રિયામાં ભાગ લેશે. આંતરાષ્ટ્રીય કક્ષાએ સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ આજે વિશ્વની અડધી વસ્તીના રૂપમાં જીવન જીવતી 'મહિલા' ના યોગ્ય વિકાસ પર ભાર મૂક્યો છે અને એ બાબતનો સ્વીકાર કર્યો છે કે, " મહિલાઓને પુરુષના સંદર્ભમાં સમાજમાં રાજકીય અને આર્થિક રીતે સબળ બનાવ્યા વિના અર્થાત્ મહિલા સશક્તિકરણ કર્યા વિના મહિલા જાતિનું પુરુષ પ્રધાન સમાજમાં સમગ્ર, સંપૂર્ણ, ઇચ્છિત વિકાસ સંભવ નથી." કોઇ પણ પ્રકારના સશક્તિકરણને વેગ આપવા માટે રાજકીય સશક્તિકરણ એક આવશ્યક શરત છે.

સશક્તિકરણનો હેતુ સિદ્ધ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય દેશો પાસે આ અપેક્ષા રાખવામાં આવે છે કે મહિલાઓને રાજકીય સત્તામાં ભાગીદારીનો અધિકાર મળે, કે જેથી મહિલાઓ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ આર્થિક અને સામાજિક વિકાસાત્મક નીતિ નિર્ધારણમાં, આ કાર્યક્રમના અમલમાં પોતાની પ્રભાવી સકારાત્મક અને રચનાત્મક ભૂમિકા નક્કી કરી શકે અને તેથી રાજકીય સત્તામાં ભાગીદારી મહત્ત્વપૂર્ણ છે.

- **રાજકીય સશક્તિકરણનો અર્થ :**

" રાજકીય સશક્તિકરણ એટલે મહિલાઓમાં રાજકીય ક્ષેત્રમાં જાગૃતિ અને નેતૃત્વ પ્રાપ્ત કરવું તથા આ ક્ષેત્રમાં ભાગીદારી અને નેતૃત્વ પ્રાપ્ત કરી નિર્ણયોને અસર કરવું તથા દિશા બતાવવી."

**સવિતાબેન દેસાઇ**ના મંતવ્ય મુજબ " રાજકીય ભાગીદારી એટલે ચૂંટણી સાથે સંબંધિત પ્રવૃત્તિ, મત આપવો, ચૂંટણી પ્રચારમાં જોડાવું, પક્ષની ઓફિસ સંભાળવી અને ચૂંટણી લડવી.[25]

**ડૉ.કલ્પના શાહ**ના મતે " રાજકીય ભાગીદારી એટલે લોકશાહી રાજયમાં રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવાની ઇચ્છા, તત્પરતા અને ઉપલબ્ધ તક." [26]

- **આઝાદીની ચળવળમાં મહિલાઓની ભાગીદારી :**

મહાત્મા ગાંધીજીના મતે જયાં સુધી મહિલાઓ અને સમાજના દબાયેલા, કચડાયેલા વર્ગની પરિસ્થિતિ ન સુધરે ત્યાં સુધી વિકાસનો કોઇ અર્થ રહેશે નહિ. આથી આઝાદીની ચળવળમાં મહિલાઓને ધરણા કરવા, પીકેટિંગ કરવું, સાહિત્ય વહેંચવું, સભા સરઘસમાં જોડાવું વગેરે કાર્યક્રમોમાં મહિલાઓને ભાગીદાર બનાવી મહિલાઓમાં રાજકીય જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

આઝાદીની ચળવળમાં ભીખાજીકામા, પેરીન ડી.એસ. કેપ્ટન, બંગાળની સરલા દેવી, દિલ્હીની રૂપવતી જૈન, કલકત્તાની કલ્પના દત્ત અને કમલાદાસ ગુપ્તા, રાણી ઝાંસી બ્રિગેડની ઇન્ચાર્જ લક્ષ્મી સહગલ આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ વિભિન્ન મહિલાઓએ ભાષણ આપવું, પોલીસની લાઠી ખાવી કે જેલમાં જવું સુધીના કાર્યક્રમોમાં સક્રીય ભાગ લઇ મહિલા શક્તિને સાબિત કરી હતી.

- **મહિલા સંગઠનો અને મતાધિકાર :**

મહિલાઓના રાજકીય સશક્તિકરણ અને મતાધિકારની માંગણી માટે ઇ.સ. ૧૯૧૭ માં ' ધ વિમેન્સ ઇન્ડિયન એસોસીએશન', ઇ.સ.૧૯૨૬ માં ' નેશનલ કાઉન્સિલ ઓફ

ઇન્ડિયન વુમેન ' અને ઇ.સ. ૧૯૨૭ માં ' અખિલ મહિલા પરિષદ ' જેવા મહિલા સંગઠનો ભારતમાં સ્થાપાયા હતા.

સરોજિની નાયડું, શ્રીમતી એની બેસેન્ટ, માર્ગારેટ કઝીન જેવી હસ્તીઓએ મતાધિકાર મેળવવા માટે અંગ્રેજ સરકાર સામે દાવો કર્યો અને ૧૯૨૧ માં મહિલાઓને કાયદાના ટેકા સાથે ભારતમાં બંધારણની કલમ ૧૫ અન્વયે લિંગભેદ વગર મહિલાઓએ પુખ્ત મતાધિકાર દ્વારા રાજકીય સમાનતા પ્રાપ્ત થઇ અને ૧૯૨૬ માં મહિલાઓને ચૂંટણી લડવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો. [27]

- **ભારતમાં રાજકીય ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી :**

ભારતમાં મહિલાઓને મતાધિકાર અને ચૂંટણી લડવાનો અધિકાર મળતા ડૉ. મુથુલ લક્ષ્મી રેડ્ડી પહેલી મહિલા હતી જે ઇ.સ. ૧૯૨૧ માં મદ્રાસ વિધાન મંડળની સભાસદ બની હતી. ત્યારબાદ પ્રથમ મહિલા એમ્બેસેડર વિજયા લક્ષ્મી પંડિત, પ્રથમ મુખ્યમંત્રી સૂચેતા કૃપાલાણી, પ્રથમ રાજયપાલ સરોજની નાયડું, પ્રથમ મહિલા પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધી, કેન્દ્રિય કેબિનેટમાં પ્રથમ સ્થાન મેળવનાર રાજકુમારી અમૃત કૌર, વિદેશ મંત્રી લક્ષ્મી મેનન જેવી મહિલાઓ ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે.

ભારતના રાજકીય ક્ષેત્ર પર દૃષ્ટિ કરતા જોવા મળે છે કે શ્રીમતી સોનિયા ગાંધી, શ્રીમતી સુષ્મા સ્વરાજ, સુશ્રી ઉમા ભારતી , સુશ્રી મમતા બેનર્જી, સુશ્રી ગિરિજા વ્યાસ, શ્રીમતી મેનકાગાંધી, મારગ્રેટ આલ્વા, સુશ્રી માયાવતી, લોકસભાના અધ્યક્ષ મીરાંકુમારી જેવી અનેક મહિલાઓ અગ્રસ્થાન ધરાવે છે. આ મહિલાઓ પોતાની પ્રતિભા, સૂઝસમજ અને સંઘર્ષ કરવાની ક્ષમતાને કારણે આગળ આવી અને આગળ વધી રહી છે.

ભારતમાં લોકસભા અને રાજયસભામાં મહિલાઓની ભાગીદારી અંગેની માહિતી કોષ્ટક-૧.૧.૯ માં દર્શાવવામાં આવી છે.

### કોષ્ટક નં.-૧.૧.૯ ભારતમાં મહિલાઓની રાજકીય ભાગીદારી

| વર્ષ | લોકસભા | | | રાજયસભા | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ બેઠક | મહિલાઓ | ટકાવારી | કુલ બેઠક | મહિલાઓ | ટકાવારી |
| પ્રથમ-૧૯૫૨ | ૪૮૯ | - | - | ૨૧૯ | ૧૬ | ૭.૩૧ |
| બીજી-૧૯૫૭ | ૪૯૪ | ૨૨ | ૪.૪૫ | ૨૩૭ | ૧૮ | ૭૩૫૯ |
| ત્રીજી-૧૯૬૨ | ૪૯૪ | ૩૧ | ૬.૨૮ | ૨૩૮ | ૧૮ | ૭.૫૬ |
| ચોથી-૧૯૬૭ | ૫૨૦ | ૨૯ | ૫.૫૮ | ૨૪૦ | ૨૦ | ૮.૩૩ |
| પાંચમી-૧૯૭૧ | ૫૧૮ | ૨૨ | ૪.૨૫ | ૨૪૩ | ૧૭ | ૭.૦૦ |
| છઠ્ઠી-૧૯૭૭ | ૫૪૨ | ૧૯ | ૩.૫૧ | ૨૪૪ | ૨૫ | ૧૦.૨૫ |
| સાતમી-૧૯૮૦ | ૫૨૯ | ૨૮ | ૫.૨૯ | ૨૪૪ | ૨૪ | ૯.૮૪ |
| આઠમી-૧૯૮૪-૮૫ | ૫૭૨ | ૪૩ | ૭.૯૩ | ૨૪૪ | ૨૮ | ૧૧.૪૫ |
| નવમી-૧૯૮૯ | ૫૨૯ | ૨૯ | ૫.૪૮ | ૨૪૫ | ૨૪ | ૯.૮૦ |
| દસમી-૧૯૯૧-૯૨ | ૫૩૭ | ૩૯ | ૭.૨૬ | ૨૪૫ | ૩૮ | ૧૫.૫૭ |
| અગિયારમી-૧૯૯૬ | ૫૪૩ | ૪૦ | ૭.૩૭ | ૨૨૩ | ૧૯ | ૮.૫૨ |
| બારમી-૧૯૯૮ | ૫૪૩ | ૪૩ | ૭.૯૨ | ૨૪૫ | ૧૫ | ૬.૧૨ |
| તેરમી-૧૯૯૯ | ૫૪૩ | ૪૯ | ૯.૦૨ | ૨૪૫ | ૧૯ | ૭.૭૬ |
| ચૌદમી-૨૦૦૪ | ૫૪૩ | ૪૫ | ૮.૨૯ | - | અ | - |
| પંદરમી-૨૦૦૯ | ૫૪૩ | ૫૮ | ૧૦.૬૮ | ૨૨૮ | ૧૮ | ૭.૮૯ |

**Source** : 1. Third Concept, May , 2011
2. India Country Report, Ministry of Statistical Programme, 2009 p.46

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે ભારતમાં મહિલા સાક્ષરતામાં થયેલો વધારો અને રાજકીય પ્રચારલક્ષી ચૂંટણી પ્રક્રિયાને પરિણામે લોકસભામાં મહિલાઓની રાજકીય ભાગીદારી કરવાનું વલણ સુધર્યુ છે. જયારે રાજયસભામાં આઠમી અને દસમી રાજયસભામાં મહિલા પ્રતિનિધિત્વમાં વધારો થયો હતો. જયારે બાકીની રાજયસભામાં મહિલા પ્રતિનિધિત્વની ટકાવારીમાં વધુ ફેરફાર થયો નથી.

આઝાદીના ૬૨ વર્ષ બાદ પણ લોકસભા અને રાજયસભામાં પુરુષોની તુલનાએ મહિલા પ્રતિનિધિત્વનું પ્રમાણ ઓછું છે જે ૧૧ ટકાની આગળ વધ્યું નથી.

- **પંચાયતી રાજમાં મહિલાઓની ભાગીદારી :**

બંધારણના ૭૩ અને ૭૪ ના બંધારણીય સુધારા અધિનિયમના માધ્યમથી પંચાયતીરાજને એક નવી દિશા આપવામાં આવી. ૩૩ ટકા મહિલાઓની નિશ્ચિત ભાગીદારીના અનામત દ્વારા ૪૩ ટકા થી વધુ મહિલા પ્રતિનિધિ ચૂંટાઇને રાજકીય વિકાસના માર્ગ તરફ અગ્રેસર રહી. મહિલાઓની પંચાયતીરાજમાં ભાગીદારી દર્શાવતું કોષ્ટક આ પ્રમાણે છે.

**કોષ્ટક નં.-૧.૧.૧૦ પંચાયતીરાજમાં મહિલાઓની ભાગીદારી**

| પંચાયત સ્તર | સંખ્યા | ચૂંટાયેલ પ્રતિનિધિઓ | મહિલાઓ (ટકાવારીમાં) |
|---|---|---|---|
| જિલ્લા પંચાયત | ૫૩૭ | ૧૧,૮૨૫ | ૪૧ |
| તાલુકા પંચાયત | ૬,૦૯૭ | ૧,૧૦,૦૭૦ | ૪૩ |
| ગ્રામ પંચાયત | ૨,૩૪,૬૭૬ | ૨,૦૭,૩૭,૧૧૫ | ૪૦ |

**સ્ત્રોતઃ** કુરુક્ષેત્ર, ઓગષ્ટ ૨૦૦૫, પૃ.૧૯

પંચાયતમાં મહિલાઓની ભાગીદારી તેમની માટે અનામત ૩૩ ટકાના ન્યૂનત્તમ ધોરણ કરતાં વધુ છે. દેશના ૨૨ લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી લગભગ ૮ લાખ મહિલાઓ છે. ત્રિસ્તરીય પંચાયત પ્રણાલીમાં ૩૯,૦૦૦ થી વધુ મહિલા અધ્યક્ષ છે.

એમ માનવમાં આવે છે કે મહિલાઓએ પંચાયતોમાં રાજકીય કૌશલ્ય જ હાંસલ કર્યું નથી પરંતુ મહિલાઓના હિતોના પ્રભાવી સમર્થક પણ બની છે.

- **મહિલા સશક્તિકરણના નિર્દેશકોની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથેની તુલનાઃ**

વર્લ્ડ ઇકોનોમિક ફોરમ ૨૦૧૦ જિનિવામાં ૧૩૪ દેશોની આંકડાકીય માહિતીના આધારે તૈયાર કરવામાં આવેલ વૈશ્વિક જાતિગત અંતર અહેવાલ (GGR)રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં જાતિગત અંતર આંક(GGI)માં જાતિગત અંતરનું ચાર વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

૧. આર્થિક ક્ષેત્રમાં મહિલાઓની સહભાગીતા અને તકોની પ્રાપ્યતા

૨. શૈક્ષણિક પ્રાપ્તિની તકો

૩. સ્વાસ્થ્ય અને જીવનતા

૪. રાજકીય સશક્તિકરણ

૧૩૪ દેશોમાંથી કેટલાક દેશોનું સ્થાન અને સ્ત્રી-પુરુષ પ્રમાણ કોષ્ટક નં.૧.૧.૧૧(a) અને ૧.૧.૧૧(b) માં દર્શાવવામાં આવ્યું છે.

કોષ્ટક નં.૧.૧.૧૧(a) નું વિશ્લેષણ કરતાં જાણવા મળેલ માહિતી આ પ્રમાણે છે

**સ્ત્રી-પુરુષ ભેદભાવ :**

સ્ત્રી-પુરુષના ભેદભાવના સંદર્ભમાં વિશ્વમાં ભારતનું સ્થાન ૧૧૨મું અને પાકિસ્તાનનું ૧૧૩ મું છે. જે ઊંચા લિંગભેદને દર્શાવે છે. જયારે નોર્વ, સ્પેન, સ્વીડન, શ્રીલંકા જેવા દેશોમાં મહિલા અને પુરુષોના સમાન દરજજા તરફનો નિર્દેશ કરે છે.

**મહિલાઓની આર્થિક ભાગીદારી અને તકો :**

મહિલાઓની આર્થિક ભાગીદારી અને તકોના સંદર્ભમાં વિશ્વમાં ભારત ૧૨૮ મું સ્થાન ધરાવે છે. ભારતમાં શ્રમદળમાં મહિલાઓની ભાગીદારી, સમાન કામ માટે સમાન વેતન, મહિલાઓની આવક, મહિલાઓની ધારાસભ્ય, ઉચ્ચ અધિકારી અને મેનેજરો અંગે સ્ત્રી-પુરુષ પ્રમાણની દષ્ટિએ અસમાનતા જોવા મળે છે. મહિલાઓની આવક અંગે નોર્વેમાં સમાનતા જોવા મળે છે. જયારે અન્ય દેશોમાં અસમાનતા જોવા મળે છે.

**સમાન કામ માટે સમાન વેતન :**

ભારતમાં જ નહિ વિશ્વના વિકસિત દેશો જેવોકે ફ્રાન્સ, જાપાન, નોર્વે, સ્પેન અને અમેરિકા જેવા દેશોમાં પણ અસમાનતા જોવા મળે છે.

**શૈક્ષણિક પ્રાપ્તિ :**

મહિલાઓની શૈક્ષણિક પ્રાપ્તિ અંગે વિશ્વમાં ભારતનું સ્થાન ૧૨૦ મું છે અને ચીનનું ૮૮ મું છે. જયારે વિકસિત દેશો જેવા કે, ફ્રાન્સ, નોર્વે અને અમેરિકા પ્રથમ સ્થાન ધરાવે છે.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રી-પુરુષ નોંધણીની દષ્ટિએ ભારત અને પાકિસ્તાનમાં અસમાનતા જોવા મળે છે. જયારે ચીન, બાંગ્લાદેશ, ફ્રાન્સ, જાપાન, નોર્વે, સ્પેન, સ્વીડન અને અમેરિકા જોવા દેશોમાં સમાનતા જોવા મળે છે.

## કોષ્ટક નં- ૧.૧.૧૧ (a) મહિલા સશક્તિકરણના નિર્દેશકોની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથેની તુલના

| વિગત | ભારત | | પાકિસ્તાન | | બાંગ્લાદેશ | | ચીન | | શ્રીલંકા | | ફ્રાન્સ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ |
| | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૦૯) | (૧૦) | (૧૧) | (૧૨) |
| જાતિગત અંતર આંક | **૧૧૨** | | **૧૩૨** | | **૮૨** | | **૬૧** | | **૧૬** | | **૪૬** | |
| **મહિલાઓની આર્થિક ભાગીદારી અને તકો** | **૧૨૮** | | **૧૩૩** | | **૧૧૭** | | **૪૬** | | **૮૯** | | **૬૦** | |
| શ્રમદળમાં મહિલાઓની સહભાગીદારી | ૧૨૨ | ૦.૪૨ | ૧૩૪ | ૦.૨૬ | ૮૨ | ૦.૭૩ | ૩૩ | ૦.૮૮ | ૧૧૮ | ૦.૪૭ | ૩૬ | ૦.૮૭ |
| મહિલાઓને સમાન કામ માટે સમાન વેતન | ૮૪ | ૦.૬૩ | ૧૦૬ | ૦.૫૭ | ૧૧૩ | ૦.૫૩ | ૪૫ | ૦.૭ | ૩૨ | ૦.૭૩ | ૧૨૭ | ૦.૪૪ |
| મહિલાઓની અંદાજીત કમાયેલી આવક (PPP US $) | ૧૨૨ | ૦.૩૨ | ૧૩૨ | ૦.૧૮ | ૯૧ | ૦.૫૧ | ૩૬ | ૦.૬૮ | ૭૭ | ૦.૫૬ | ૪૮ | ૦.૬૪ |
| મહિલા ધારાસભ્ય,ઉચ્ચ અધિકારી અને મેનેજરો | ૧૨૩ | ૦.૦૩ | ૧૨૪ | ૦.૦૩ | ૧૦૯ | ૦.૧૧ | ૯૦ | ૦.૨ | ૭૬ | ૦.૩૨ | ૨૦ | ૦.૬૩ |
| મહિલા વ્યવસાયિક અને ટેકનીકલ કામદારો | ૦ | | ૧૦૯ | ૦.૨૮ | ૧૦૮ | ૦.૨૮ | ૧ | ૧૦.૭ | ૭૨ | ૦.૮૯ | ૬૪ | ૦.૯૭ |
| **શૈક્ષણિક પ્રાપ્તિ** | **૧૨૦** | | **૧૨૭** | | **૧૦૮** | | **૮૮** | | **૫૭** | | **૧** | |
| સાક્ષરતા દર | ૧૨૨ | ૦.૬૮ | ૧૨૭ | ૦.૬ | ૧૦૯ | ૦.૮૩ | ૯૧ | ૦.૯૪ | ૭૯ | ૦.૯૭ | ૧ | ૧ |
| પ્રાથમિક શિક્ષણમાં મહિલાઓની નોંધણી | ૧૧૩ | ૦.૯૬ | ૧૩૨ | ૦.૮૩ | ૧ | ૧.૦૨ | ૧ | ૧ | ૧ | ૧.૦૧ | ૧ | ૧ |
| માધ્યમિક શિક્ષણમાં મહિલાઓની નોંધણી | ૧૨૧ | ૦.૭૯ | ૧૨૫ | ૦.૭૬ | ૧ | ૧.૦૫ | ૯૬ | ૦.૯૭ | ૧ | ૧.૦૫ | ૧ | ૧.૦૨ |
| ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની નોંધણી | ૧૦૭ | ૦.૭ | ૯૮ | ૦.૮૫ | ૧૧૨ | ૦.૫૫ | ૧ | ૧.૦૪ | ૦ | ૦ | ૧ | ૧.૨૮ |
| **સ્વાસ્થ્ય અને જીવતતા** | **૧૩૨** | | **૧૨૨** | | **૧૨૨** | | **૧૩૩** | | **૧** | **૦** | **૧** | |
| મહિલા-પુરુષ જન્મદર પ્રમાણ | ૧૩૦ | ૦.૮૯ | ૧ | ૦.૯૫ | ૧ | ૦.૯૬ | ૧૩૪ | ૦.૮૮ | ૧ | ૦.૯૬ | ૧ | ૦.૯૫ |
| અપેક્ષિત તંદુરસ્ત જીવન | ૧૧૦ | ૧.૦૨ | ૧૩૦ | ૦.૯૮ | ૧૩૦ | ૦.૯૮ | ૭૪ | ૧.૦૫ | ૧ | ૧.૦૭ | ૧ | ૧.૦૭ |
| **રાજકીય મહિલા સશકિતકરણ** | **૨૩** | | **૫૨** | | **૧૨** | | **૫૬** | | **૬** | | **૪૭** | |
| સંસદમાં મહિલાઓની સંખ્યા | ૯૬ | ૦.૧૨ | ૪૩ | ૦.૨૯ | ૬૩ | ૦.૨૩ | ૪૯ | ૦.૨૭ | ૧૨૧ | ૦.૦૬ | ૬૨ | ૦.૨૩ |
| મંત્રી સ્તરના હોદાઓ પર મહિલાઓ | ૮૬ | ૦.૧૧ | ૧૦૦ | ૦.૦૮ | ૬૪ | ૦.૧૯ | ૮૧ | ૦.૧૩ | ૧૧૪ | ૦.૦૬ | ૩૩ | ૦.૩૬ |
| રાજ્યની મુખ્ય મહિલાઓ હોય તેવા વર્ષો | ૪ | ૦.૫૧ | ૧૯ | ૦.૧ | ૫ | ૦.૫ | ૨૨ | ૦.૦૮ | ૧ | ૦.૮૫ | ૩૨ | ૦.૦૨ |

## કોષ્ટક નં- ૧.૧.૧૧(a) મહિલા સશક્તિકરણના નિર્દેશકોની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથેની તુલના (Continue….)

| વિગત | જાપાન | | નોર્વે | | સ્પેન | | સ્વીડન | | અમેરિકા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ | ક્રમાંક | સ્ત્રી-પુરુષ પ્રમાણ |
| | (૧૩) | (૧૪) | (૧૫) | (૧૬) | (૧૭) | (૧૮) | (૧૯) | (૨૦) | (૨૧) | (૨૨) |
| જાતિગત અંતર આંક | ૯૪ | | ૨ | | ૧૧ | | ૪ | | ૧૯ | |
| **મહિલાઓની આર્થિક ભાગીદારી અને તકો** | **૧૦૧** | | **૩** | | **૭૮** | | **૧૧** | | **૬** | |
| શ્રમદળમાં મહિલાઓની સહભાગીદારી | ૭૯ | ૦.૭૩ | ૮ | ૦.૯૪ | ૬૯ | ૦.૭૭ | ૭ | ૦.૯૪ | ૪૩ | ૦.૮૫ |
| મહિલાઓને સમાન કામ માટે સમાન વેતન | ૯૫ | ૦.૬ | ૨૨ | ૦.૭૫ | ૧૧૭ | ૦.૫૨ | ૩૦ | ૦.૭૩ | ૬૪ | ૦.૬૬ |
| મહિલાઓની અંદાજીત કમાયેલી આવક (PPP US $) | ૮૬ | ૦.૫૩ | ૧ | ૧ | ૮૧ | ૦.૫૫ | ૧૪ | ૦.૭૪ | ૫ | ૦.૮૭ |
| મહિલા ધારાસભ્ય, ઉચ્ચ અધિકારી અને મેનેજરો | ૧૧૩ | ૦.૧ | ૪૯ | ૦.૪૬ | ૪૩ | ૦.૪૮ | ૪૪ | ૦.૪૮ | ૧૧ | ૦.૭૪ |
| મહિલા વ્યવસાયિક અને ટેકનીકલ કામદારો | ૭૪ | ૦.૮૭ | ૧ | ૧.૦૬ | ૬૧ | ૦.૯૮ | ૧ | ૧.૦૨ | ૧ | ૧.૩૧ |
| **શૈક્ષણિક પ્રાપ્તિ** | **૮૨** | | **૧** | | **૪૦** | | **૪૧** | | **૧** | |
| સાક્ષરતા દર | ૧ | ૧ | ૧ | ૧ | ૬૯ | ૦.૯૮ | ૧ | ૧ | ૧ | ૧ |
| પ્રાથમિક શિક્ષણમાં મહિલાઓની નોંધણી | ૧ | ૧ | ૧ | ૧ | ૬૬ | ૧ | ૮૪ | ૦.૯૯ | ૧ | ૧.૦૧ |
| માધ્યમિક શિક્ષણમાં મહિલાઓની નોંધણી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧.૦૩ | ૧ | ૧ | ૧ | ૧.૦૧ |
| ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની નોંધણી | ૯૭ | ૦.૮૮ | ૧ | ૧.૬૨ | ૧ | ૧.૨૪ | ૧ | ૧.૫૯ | ૧ | ૧.૪ |
| **સ્વાસ્થ્ય અને જીવતતા** | **૧** | | **૯૧** | | **૬૩** | | **૮૦** | | **૩૮** | |
| મહિલા-પુરુષ જન્મદર પ્રમાણ | ૧ | ૦.૯૫ | ૧ | ૦.૯૫ | ૧૧૬ | ૦.૯૪ | ૧૦૯ | ૦.૯૪ | ૧ | ૦.૯૬ |
| અપેક્ષિત તંદુરસ્ત જીવન | ૧ | ૧.૦૭ | ૯૮ | ૧.૦૩ | ૧ | ૧.૦૭ | ૮૨ | ૧.૦૪ | ૫૪ | ૧.૦૬ |
| **રાજકીય મહિલા સશકિતકરણ** | **૧૦૧** | | **૩** | | **૫** | | **૪** | | **૪૦** | |
| સંસદમાં મહિલાઓની સંખ્યા | ૯૪ | ૦.૧૩ | ૭ | ૦.૬૬ | ૧૪ | ૦.૫૮ | ૧ | ૦.૮૭ | ૭૨ | ૦.૨ |
| મંત્રી સ્તરના હોદાઓ પર મહિલાઓ | ૭૯ | ૦.૧૩ | ૧ | ૧.૧૧ | ૧ | ૧.૧૩ | ૬ | ૦.૮૨ | ૧૫ | ૦.૫ |
| રાજયની મુખ્ય મહિલાઓ હોય તેવા વર્ષો | ૪૪ | ૦ | ૧૦ | ૦.૨૫ | ૪૪ | ૦ | ૪૪ | ૦ | ૪૪ | ૦ |

## કોષ્ટક નં- ૧.૧.૧૧(b) મહિલા સશક્તિકરણના નિર્દેશકોની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથેની તુલના

| વિગત | ભારત | પાકિસ્તાન | બાંગ્લાદેશ | ચીન | શ્રીલંકા | ફ્રાન્સ | જાપાન | નોર્વે | સ્પેન | સ્વીડન | અમેરિકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહિલા માટે લગ્નની સરેરાશ વય (વર્ષ માં ) | ૨૦ | ૨૩ | ૧૯ | ૨૩ | ૨૪ | ૩૨ | ૨૯ | ૩૨ | ૨૯ | ૩૨ | ૨૬ |
| ફળદ્રુપતા દર( દર સ્ત્રીએ) | ૨.૭ | ૪ | ૨.૩ | ૧.૮ | ૨.૩ | ૧.૯ | ૧.૩ | ૧.૯ | ૧.૪ | ૧.૯ | ૨.૧ |
| બાળ મૃત્યુ દર (દર ૧૦૦૦ જન્મદરે) | ૫૨ | ૭૨ | ૪૩ | ૧૮ | ૧૩ | ૩ | ૩ | ૩ | ૪ | ૨ | ૭ |
| પ્રસૂતિ રજાનો સમયગાળો (દિવસમાં) | ૯૬ | ૯૬ | ૧૨૮ | ૧૦ | ૯૬ | ૧૨૮ | ૧૧૨ | ૩૬૮-૪૪૮ | ૧૨૮ | ૪૮૦ | ૯૬ |
| પ્રસૂતિ રજા દરમિયાન વેતન ચૂકવણી (ટકામાં ) | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૬૭ | ૧૦૦ | ૧૦૦ | ૮૦ | * |
| માતૃત્વ મૃત્યુ દર પ્રમાણ ( દર ૧,૦૦,૦૦૦) જન્મ દરે) | ૪૫૦ | ૩૨૦ | ૫૭૦ | ૪૫ | ૫૮ | ૩ | ૬ | ૭ | ૪ | ૩ | ૧૧ |
| મહિલા વિરૂધ્ધ થતી હિંસાની સજા માટે અસ્તિત્વ ધરાવતા કાયદાઓ (પ્રાપ્તાંક) | ૦.૩૩ | ૦.૫ | ૦.૦૮ | ૦.૫૮ | ૦.૩૩ | N.A. | N.A. | N.A. | N.A. | N.A. | N.A. |
| મહિલાઓને મત આપવાનો અધિકાર | ૧૯૩૫, ૧૯૫૬ | ૧૯૫૬ | ૧૯૩૫, ૧૯૭૨ | ૧૯૪૯ | ૧૯૩૧ | ૧૯૪૪ | ૧૯૪૫, ૧૯૪૭ | ૧૯૧૩ | ૧૯૩૧ | ૧૯૧૯, ૧૯૨૧ | ૧૯૨૦, ૧૯૬૫ |
| પુખ્ત મહિલાઓમાં બેરોજગારી (ટકામાં) | ૪ | ૯ | ૭ | | ૮ | ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૫ |
| કૃષિ સિવાયના ક્ષેત્રમાં કાર્ય કરતી મહિલા શ્રમિકો (કુશળ શ્રમદળના ટકા) | ૧૮ | ૧૩ | ૨૦ | ૩૯ | ૩૧ | ૪૯ | ૪૨ | ૪૯ | ૪૫ | ૫૦ | ૪૮ |
| નિયોજન શક્તિ, સાહસિક, નેતૃત્વમાં મહિલાઓની પરિસ્થિતિ સુધારવાની ક્ષમતા( પ્રાપ્તાંક) | ૪.૫૫ | ૩.૮૮ | ૩.૯૯ | ૪.૬૪ | ૫.૨ | ૩.૫૪ | ૪.૦૯ | ૫.૮૮ | ૩.૮ | ૫.૪૬ | ૪.૯૭ |

**Source** : Gender Gap Report, 2010

**સ્વાસ્થ્ય અને જીવનતા :**

ઉપરોક્ત કોષ્ટકમાં સ્વાસ્થ્ય સંબધિત આંકડાકીય માહિતી જોતા જણાય છે કે વિશ્વમાં ભારતનું સ્થાન ૧૧૩ મું છે, ચીન ૧૩૩, બાંગ્લાદેશ અને પાકિસ્તાન ૧૨૨ માં સ્થાને છે, જે દર્શાવે છે કે ભારતમાં ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ કરતાં પણ સ્વાસથ્ય સેવાઓનું પ્રમાણ ઓછું છે. જયારે શ્રીલંકા, ફ્રાન્સ, જાપાન અને નોર્વે પ્રથમ સ્થાને છે.

સ્ત્રી-પુરુષ જન્મદર પ્રમાણ અંગે વિકસિત, વિકાસશીલ કે અલ્પવિકસિત બધાજ દેશોમાં અસમાનતા જોવા મળે છે. જે બાબત વિશ્વમાં પુરુષો કરતાં મહિલાઓના જન્મદરને ઓછું મહત્વ આપવામાં આવે છે અને મહિલાઓ પ્રત્યે થતા અન્યાયનો નિર્દેશ કરે છે અને પુરુષો દીઠ મહિલાઓનું ઘટતું જતુ પ્રમાણ એ સમગ્ર માનવજાતિ માટે ચિંતાનો વિષય છે. અપેક્ષિત તંદુરસ્ત જીવન અંગે ભારત સહિત મોટાભાગના દેશોમાં સમાનતા જોવા મળે છે.

**રાજકીય સશક્તિકરણ :**

મહિલાઓના રાજકીય સશક્તિકરણ અંગે વિશ્વમાં ભારતનું સ્થાન ૨૩ મું, પાકિસ્તાનનું ૫૨ મું, ચીનનું ૫૬ મું, જાપાનનું ૧૦૧ મું છે. જે દર્શાવે છે કે ભારતમાં મહિલાઓની રાજકીય ભાગીદારી વધુ છે. પરંતુ શ્રીલંકા, જાપાન, સ્પેન અને સ્વીડન જેવા દેશોની તુલનાએ રાજકીય ભાગીદારીનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે.

સ્ત્રી-પુરુષ પ્રમાણની દષ્ટિએ જોઇએ તો સંસદમાં મહિલાઓની સંખ્યા અને ભારત સહિત તમામ દેશોમાં અસમાનતા જોવા મળે છે. જયારે મહિલાઓની મંત્રી સ્તરના હોદ્દાઓ અંગે નોર્વે અને સ્પેન સિવાયના તમામ દેશોમાં અસમાનતા જોવા મળે છે. રાજયની મુખ્ય મહિલાઓ હોય તેવા સમયગાળા અંગે પણ બધાજ દેશોમાં અસમાનતા જોવા મળે છે.

એજ પ્રમાણે કોષ્ટક નં.૧.૧.૧૧(b) પરથી નીચેની માહિતી જાણવા મળી છે.

**મહિલાઓના લગ્નની સરેરાશ વય :**

મહિલાઓના લગ્નની સરેરાશ વય અલ્પવિકસિત દેશોમાં ૧૯ થી ૨૦ વર્ષની છે, જયારે વિકસિત દેશોમાં ૨૬ થી ૩૨ વર્ષ સુધીની જોવા મળે છે. ભારત જેવા અલ્પવિકસિત દેશોમાં વસ્તી વધારા માટેનું આ પણ એક પરિબળ જવાબદાર ગણાવી શકાય.

**બાળ મૃત્યુદર** :

ભારતમાં બાળ મૃત્યુદર એક હજાર જન્મદરે ૫૨ છે. જે ચીન, શ્રીલંકા, ફ્રાન્સ, જાપાન, નોર્વે, સ્પેન, સ્વીડન અને અમેરિકા કરતાં વધુ છે.

**પ્રસૂતિ રજાનો સમયગાળો** :

પ્રસૂતિની રજાઓ ભારત સહિત, પાકિસ્તાન, શ્રીલંકા અને અમેરિકા જેવા દેશોમાં સૌથી ઓછી ૯૬ દિવસની રજા આપવામાં આવે છે. જયારે બાંગ્લાદેશ, ફ્રાન્સ અને સ્પેનમાં ૧૨૮ દિવસની તેમજ નોર્વે અને સ્વીડનમાં સૌથી વધુ ૩૬૮ થી ૪૮૦ દિવસની રજા આપવામાં આવે છે.

**પ્રસૂતિ રજા દરમ્યાન વેતન ચૂકવણી** :

પ્રસૂતિ રજા દરમ્યાન ભારત સહિત મોટાભાગના દેશોમાં ૧૦૦ ટકા વેતન ચૂકવવામાં આવે છે. જયારે ફ્રાન્સમાં ૧૦૦ ટકાથી વધુ અને સ્વીડનમાં ૮૦ ટકા સુધી વેતન ચૂકવવામાં આવે છે. અમેરિકામાં રાષ્ટ્રીય સ્તરે આ પ્રોગ્રામ નથી જે રાજય સ્તરે ચૂકવવામાં આવે છે.

**માતૃત્વ મૃત્યુદર :**

એક લાખ જન્મદરે માતૃત્વ મૃત્યુદર પ્રમાણ બાંગ્લાદેશમાં સૌથી વધુ છે. ત્યારબાદના ક્રમે ભારત, પાકિસ્તાન અને શ્રીલંકા આવે છે, જ્યારે વિકસિત દેશોમાં આ પ્રમાણ સૌથી નીચું છે. જેનો ફલિતાર્થ એ છે કે અલ્પવિકસિત દેશોમાં પ્રસૂતિ સંબંધિત સ્વાસ્થ્ય સુવિધાઓ અને જાણકારીનો અભાવ જોવા મળે છે.

**મહિલા વિરૂદ્ધ થતી હિંસા :**

વિશ્વમાં મહિલા વિરૂદ્ધ થતી હિંસાની સજા માટેની કાયદાકીય પરિસ્થિતિ ભારત, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં થોડી સારી છે. જયારે પાકિસ્તાન અને ચીનમાં વધુ ખરાબ જોવા મળે છે.

**મહિલાઓનો મત આપવાનો અધિકાર** :

ભારતમાં મહિલાઓને મત આપવાનો અધિકાર પાકિસ્તાન, ચીન, ફ્રાન્સ, જાપાન જેવા દેશોની તુલનાએ વહેલા ૧૯૩૫ માં જ પ્રાપ્ત થયો હતો.

**પુખ્ત મહિલાઓમાં બેરોજગારી દર ટકામાં :**

ભારતમાં પુખ્ત મહિલાઓના બેરોજગારીનો દર ૪ ટકા છે. જયારે અન્ય દેશો જેવાકે પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ફ્રાન્સ વગેરે દેશોમાં ૭ થી ૮ ટકાનો જોવા મળે છે.

**કૃષિ સિવાયના ક્ષેત્રમાં કાર્ય કરતી મહિલા શ્રમિકો (કુલ શ્રમદળના ટકા) :**

કૃષિ સિવાયના ક્ષેત્રમાં કાર્ય કરતી મહિલા શ્રમિકો કુલ શ્રમદળના ભારતમાં ૧૮ ટકા છે. જયારે પાકિસ્તાનમાં સૌથી ઓછા ૧૩ ટકા છે. અને અન્ય દેશોમાં ૫૦ ટકા સુધી જોવા મળે છે.

**નિયોજન શક્તિ સાહસિક નેતૃત્વમાં મહિલાઓની પરિસ્થિતિ સુધારવાની ક્ષમતા :**

ભારતમાં નિયોજન શક્તિ સાહસિક નેતૃત્વમાં મહિલાઓની પરિસ્થિતિ સુધારવાની ક્ષમતા વિકસિત દેશોની સમકક્ષ જોવા મળે છે.

- **આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય ક્ષેત્રમાં મહિલા ભાગીદારી :**

આંતરારાષ્ટ્રીય ક્ષેત્રમાં જો અન્ય દેશો તરફ દ્દષ્ટિ કરીએ તો આપણે જોઇ શકીએ છીએ કે શ્રીલંકામાં શ્રીમતી ચન્દ્રિકા કુમારતુંગા, પાકિસ્તાનમાં બેનઝીર ભુટ્ટો, બાંગ્લાદેશમાં બેગમ હસીના અને ગ્રેટ બ્રિટનમાં માર્ગારેટ થેચરના નામ વિશેષ ઉલ્લેખનીય છે.

વર્તમાન સમયમાં રાજકીય ક્ષેત્રમાં મહિલાઓની સ્થિતિમાં સુધારો આવ્યો છે. આજે મહિલાઓ ચૂંટણી જીતીને લોકસભા, રાજયસભા કે વિધાનસભાઓમાં પ્રતિનિધિત્વ ધરાવી રહી છે. જે કોષ્ટક ૧.૧.૧૨ પરથી વધુ સ્પષ્ટ થાય છે.

કોષ્ટકમાં જોઇ શકાય છે કે રવાન્ડામાં નીચલુ ગૃહ અને ઉપલુ ગૃહ બંનેમાં મહિલાઓની ટકાવારી વધુ જોવા મળે છે, જયારે બ્રાઝીલમાં નીચલા ગૃહમાં સૌથી ઓછી ૮.૬ ટકા છે. અને ભારતમાં ઉપલા ગૃહમાં સૌથી ઓછી ૯ ટકા જેટલી છે. જે અન્ય દેશોની તુલનામાં ઘણી નીચી જોવા મળે છે.

**કોષ્ટક નં.-૧.૧.૧૨ વિશ્વના વિભિન્ન દેશોની સંસદમાં મહિલાઓની સંખ્યા અને ટકાવારી**

| ક્રમ | દેશ | નીચલુ ગૃહ | | | | ઉપલુ ગૃહ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ | કુલ બેઠક | મહિલાઓ | ટકાવારી | વર્ષ | કુલ બેઠક | મહિલાઓ | ટકાવારી |
| ૧ | રવાન્ડા | ૨૦૦૮ | ૮૦ | ૪૫ | ૫૬.૩ | ૨૦૦૩ | ૨૬ | ૯ | ૩૪.૬ |
| ૨ | સાઉથ આફ્રિકા | ૨૦૦૯ | ૪૦૦ | ૧૭૮ | ૪૪.૫ | ૨૦૦૯ | ૫૪ | ૧૬ | ૨૯.૬ |
| ૩ | નેધર લેન્ડ | ૨૦૧૦ | ૧૫૦ | ૬૧ | ૪૦.૭ | ૨૦૦૭ | ૭૫ | ૨૬ | ૩૪.૭ |
| ૪ | સ્પેન | ૨૦૦૮ | ૩૫૦ | ૧૨૮ | ૩૬.૬ | ૨૦૦૮ | ૨૬૩ | ૮૧ | ૩૦.૮ |
| ૫ | જર્મની | ૨૦૦૯ | ૬૨૨ | ૨૦૪ | ૩૨.૮ | એન.એ. | ૬૯ | ૧૫ | ૨૧.૭ |
| ૬ | સ્વીઝરલેન્ડ | ૨૦૦૭ | ૨૦૦ | ૫૮ | ૨૯.૦ | ૨૦૦૭ | ૪૬ | ૧૦ | ૨૧.૭ |
| ૭ | ઓસ્ટ્રેલિયા | ૨૦૦૮ | ૧૮૩ | ૫૧ | ૨૭.૯ | N.A. | ૬૧ | ૧૮ | ૨૯.૫ |
| ૮ | પાકિસ્તાન | ૨૦૦૮ | ૩૪૨ | ૭૬ | ૨૨.૨ | ૨૦૦૯ | ૧૦૦ | ૧૭ | ૧૭.૦ |
| ૯ | અમેરિકા | ૨૦૧૦ | ૪૩૩ | ૭૩ | ૧૬.૯ | ૨૦૧૦ | ૧૦૦ | ૧૭ | ૧૭.૦ |
| ૧૦ | જાપાન | ૨૦૦૯ | ૩૮૦ | ૫૪ | ૧૧.૩ | ૨૦૧૦ | ૨૪૨ | ૪૪ | ૧૮.૨ |
| ૧૧ | ભારત | ૨૦૦૯ | ૫૪૫ | ૫૯ | ૧૦.૮ | ૨૦૦૮ | ૨૩૩ | ૨૧ | ૯.૦ |
| ૧૨ | બ્રાઝિલ | ૨૦૧૦ | ૫૧૩ | ૪૪ | ૮.૬ | ૨૦૧૦ | ૮૧ | ૧૩ | ૧૬.૦ |

**Source** : Women in Parliament : World Classification, 2010

- **સહકારી ક્ષેત્ર અંગે વૈશ્વિક કક્ષાએ વિચારો:**

૧૬ મો સંયુક્ત રાષ્ટ્રસંઘ આંતરાષ્ટ્રીય સહકાર દિનની ઉજવણી નિમિત્તે " સહકારી સાહસ મહિલાઓને સશક્ત બનાવે છે." એ મુખ્ય વિષય સંદેશ તરીકે પાઠવેલ છે. તાત્પર્ય એ છે કે, યુ.એન. જેવી વિશ્વસ્તરની સંસ્થાએ પણ સ્વીકાર કરેલ છે કે મહિલા ઉદ્યોગ, સાહસિકો, સ્વરોજગાર મહિલાઓના સશક્તિકરણ માટે સહકારી સાહસો યોગ્ય, ઉચિત માધ્યમ છે. તે દ્વારા તેઓ તેમની આવડત, કુનેહ અને તાકાત તથા કાર્યક્ષમતાનો ઉપયોગ કરી, મહિલાઓને રોજગારી આવક અપાવે છે. તકો પૂરી પાડે છે. અને મહિલાઓ આર્થિક રીતે સદ્ધર બને છે. શિક્ષણ આપવાથી કામ કરવાની ખુમારી આવે છે. કાર્યશક્તિ ખીલવવા માટે તેમને 'કેપેસીટી

બિલ્ડિંગ' ની તાલીમ આપવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ મહિલાઓના સર્વાંગી, અને સમગ્ર વિકાસ ને લગતી વિવિધ પ્રવૃતિ માટે 'સહકારી સંસ્થા' એક ઉપયોગી લોકશાહી મહિલા વિકાસ કેન્દ્ર બની રહે છે.

આંતરરાષ્ટ્રીય સહકારી સંઘના ભૂતપૂર્વ અધ્યક્ષ **ડૉ. મોરિત્ઝબોનનો**ના મતે "વિશ્વમાં પ્રવર્તતી અનાજની અછત અને ભૂખમરાની સ્થિતિ નિવારી વિશ્વમાં ન્યાય અને શાંતિ સ્થાપવામાં વિશ્વની ૫૦ ટકા એવી મહિલા વસ્તીનો ફાળો જ મહત્વપૂર્ણ બની રહેશે."[28]

બાંગ્લાદેશ, જાપાન, મલેશિયા, ફિલીપિન્સ જેવા વિશ્વના દેશોમાં પણ મહિલાઓની સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી છે. એટલું જ નહીં ઓછી આમદાની મેળવતા જૂથના મહિલા સ્વાશ્રયી જૂથોની રચના કરવામાં અગ્રેસર રહેલ છે. પરિણામે મહિલાઓ ઉત્તરોત્તર મહત્વની ભૂમિકા નિભાવી તેમના આર્થિક દરજ્જાને ઊંચે લઇ જવામાં પ્રવૃત્ત બનેલ છે.

## (બ) વિભાગ-૨

વિભાગ બે માં સમસ્યા કથન, અભ્યાસનું મહત્વ, હેતુઓ, પરિકલ્પનાઓ, કાર્યક્ષેત્ર, અભ્યાસ પદ્ધતિ, અભ્યાસના સ્ત્રોત, અભ્યાસનો સમયગાળો, અભ્યાસની મર્યાદા તેમજ પ્રકરણ યોજના અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

### ૧.૨.૧ સમસ્યા કથનઃ

" મહિલા સશક્તિકરણ"- વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓના સંદર્ભમાં એક અભ્યાસ

મહિલા સશક્તિકરણ એ માનવ વિકાસનો જ એક આંતરિક ભાગ છે. મહિલા સશક્તિકરણ માટે લેવામાં આવતા પગલાઓની ગ્રામીણ મહિલાઓમાં કેવા પ્રકારની જાગૃતિ આવી, તેમનામાં કેવા પરિવર્તનો આવ્યા, તેમને કેટલે અંશે ઉપયોગી રહ્યો, કેટલો

બિનઉપયોગી રહ્યો જેવી વિસ્તૃત જાણકારી મેળવવા માટે સંશોધકે વલસાડ જિલ્લામાં ચાલતા પ્રયાસોની ફલશ્રુતિ જાણવા માટે ઉપરોક્ત સમસ્યા અંગે સંશોધન હાથ ધર્યુ છે.

## ૧.૨.૨ અભ્યાસનું મહત્વઃ

રાજયમાં દક્ષિણ ભાગમાં આવેલો વલસાડ જિલ્લો મુખ્યત્વે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ધરાવતો જિલ્લો છે. જેમાં લગભગ ૮૧ ટકા મહિલાઓ ખેતીકામમાં રોકાયેલ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિ મહિલાઓનું પ્રમાણ નોંધપાત્ર છે તથા સામાજિક, આર્થિક, પ્રવૃત્તિઓમાં મહિલાઓનું વિશેષ યોગદાન છે. છતાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે, શિક્ષણ, આરોગ્ય અને પોષણ, રોજગારીની તકો, રાજકીય અને કાયદાકીય જાગૃતિ, નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી, સમાજમાં દરજ્જો વગેરે બાબતોમાં જાતિગત અસમાનતા જોવા મળે છે. વલસાડ જિલ્લામાં મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર, બિન સરકારી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, વિવિધ મહિલા સંગઠનો, સહકારી સંસ્થાઓ, વગેરે દ્વારા વિવિધ યોજનાઓ, કાર્યક્રમો જુદા-જુદા સમયે અમલી બન્યા છે. મહિલા સશક્તિકરણમાં ખાસ કરીને મહિલાઓમાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને કાયદાકીય જાગૃતિ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. આ સંદર્ભમાં મહિલાઓમાં કેટલો વિકાસ થયો છે તે જાણવાની સંશોધકને પ્રબળ ઇચ્છા હતી.

સંશોધક પોતે પણ એક મહિલા હોવાના નાતે અને વલસાડ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારમાં રહે છે તેથી સૌના પ્રયત્નો ગ્રામીણ મહિલા સશક્તિકરણ માટે કેટલા સફળ થાય છે. વિવિધ યોજનાઓ કેટલે અંશે લાભદાયક નિવડી છે? વગેરે જાણવાની સંશોધકની ઇચ્છાને પ્રબળ વેગ મળ્યો ઉપરાંત આ અગાઉ વલસાડ જિલ્લામાં મહિલા સશક્તિકરણના સંદર્ભમાં કોઇ સંશોધન થયેલ નથી આ દ્દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ છે.

### ૧.૨.૩ અભ્યાસના હેતુઓ:

૧. વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓનું શિક્ષણ, આરોગ્ય અને પોષણની પરિસ્થિતિનો અભ્યાસ કરવો.
૨. ગ્રામીણ મહિલાઓની આર્થિક પ્રવૃત્તિઓ વિષેની જાણકારી મેળવવી.
૩. આર્થિક, સામાજિક અને કૌટુંબિક સ્તરે નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીનો અભ્યાસ કરવો.
૪. ગ્રામીણ મહિલાઓની રાજકીય ક્ષેત્રે ભાગીદારી અને જાગૃતિ જાણવી.
૫. ગ્રામીણ મહિલાઓના હક્કો અને કાયદાકીય જાગૃતિનો અભ્યાસ કરવો.
૬. ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની ભૂમિકા તપાસવી.
૭. ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં સહકારી આર્થિક પ્રવૃત્તિઓની ભૂમિકા તપાસવી.
૮. ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં બિનસરકારી સંગઠનોની ભૂમિકાનો અભ્યાસ કરવો.
૯. ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાટે મહત્ત્વના સૂચનો આપવા.

### ૧.૨.૪ અભ્યાસની ઉત્કલ્પનાઓ:

૧. મહિલાઓની જાતિ અનુસાર તેમના શિક્ષણના સ્તરમાં કોઇ તફાવત રહેલો નથી.
૨. મહિલાઓ પાસેથી રાખવામાં આવતી વિવિધ અપેક્ષાઓ અને શિક્ષણનાં સ્તર વચ્ચે સંબંધ રહેલો નથી.
૩. મહિલાના શિક્ષણના સ્તર અને તેમના વ્યવસાય વચ્ચે સંબંધ રહેલો નથી.
૪. મહિલાના વ્યવસાય અનુસાર તેમની માસિક આવકમાં તફાવત રહેલો નથી.
૫. મહિલાની જાતિ અનુસાર વ્યવસાયના પ્રકાર વચ્ચે તફાવત રહેલો નથી.
૬. મહિલાઓના વ્યવસાયના પ્રકાર અનુસાર કામના કલાકોમાં તફાવત રહેલો નથી.
૭. મહિલાઓના શિક્ષણના સ્તર અને મહિલાઓની સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં ભાગીદારીના સ્તર વચ્ચે કોઇ સંબંધ રહેલો નથી.

૮. મહિલાઓના શિક્ષણના સ્તર અનુસાર વિવિધ કાયદાકીય જાણકારીનાં સ્તરમાં તફાવત રહેલો નથી.

૯. તાલુકાવાર મહિલાઓની આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં ભાગીદારીના પ્રમાણમાં તફાવત રહેલો નથી.

## ૧.૨.૫ અભ્યાસનું કાર્યક્ષેત્રઃ

અભ્યાસનું કાર્યક્ષેત્ર વલસાડ જિલ્લાના પાંચ તાલુકા જેવાકે વલસાડ, ધરમપુર, કપરાડા, પારડી અને ઉંમરગામમાં રહેતી ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ અંગેનો છે.

## ૧.૨.૬ અભ્યાસની પદ્ધતિઃ

પ્રસ્તુત અભ્યાસનું વર્ણન નીચે મુજબ છે.

- **માહિતી એકત્રિકરણ**

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને ગૌણ આંકડાકીય માહિતી ઉપર આધારિત છે.

○ **પ્રાથમિક આંકડાકીય માહિતી :**

અભ્યાસના અનુસંધાનમાં કેટલીક ચોક્ક્સ માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલી, રૂબરૂ મુલાકાત, સ્થળગત નિરીક્ષણ જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો છે. ગ્રામીણ વિસ્તારની મહિલાઓના સશક્તિકરણના અભ્યાસને અનુરૂપ પ્રાથમિક માહિતી મેળવવા માટે પ્રશ્નાવલી તૈયાર કરીને સંશોધનના વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કરીને તેમની પાસેથી રૂબરૂ માહિતી ભેગી કરવામાં આવી છે.

- **નિદર્શનની પસંદગીઃ**

પ્રસ્તુત સંશોધન વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં આવેલો વલસાડ જિલ્લો છે. જિલ્લામાં આવેલ કુલ પાંચ તાલુકાઓ પૈકી દરેક તાલુકામાંથી યદ્દચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા તાલુકા કેન્દ્રની નજીક અને દૂર આવેલા ગામોની પસંદગી કરવામાં આવી છે. વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી અંગેની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે

**કોષ્ટક નં.૧.૨.૧ નમૂના પસંદગી**

| અ.નં. | તાલુકાનું નામ | કુલ ગામો | પસંદ કરેલ ગામોની સંખ્યા | પસંદ કરેલ ગામનું નામ | પસંદ કરેલ મહિલાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૮૯ | ૨ | અબ્રામા | ૨૫ |
| | | | | ફલધરા | ૨૫ |
| ૨ | ધરમપુર | ૧૦૭ | ૨ | બિલપુડી | ૨૫ |
| | | | | સોનદર | ૨૫ |
| ૩ | કપરાડા | ૧૩૦ | ૨ | વારોલી તલાટ | ૨૫ |
| | | | | ભૂરવડ | ૨૫ |
| ૪ | પારડી | ૭૬ | ૨ | નેવરી | ૨૫ |
| | | | | મોટી તંબાડી | ૨૫ |
| ૫ | ઉંમરગામ | ૫૦ | ૨ | પૂનાટ | ૨૫ |
| | | | | અંકલાસ | ૨૫ |
| **કુલ** | | ૪૫૨ | ૧૦ | | ૨૫૦ |

- **પ્રશ્નાવલીનું પૂર્વ પરીક્ષણ :**

શરૂઆતના તબક્કામાં ગ્રામીણ મહિલાઓની રૂબરૂ મુલાકાત લીધી અને કુટુંબની તેમજ મહિલાઓની વ્યક્તિગત માહિતી એકત્રિત કરવા માટે પંદર પાયલોટ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા દ્વારા અપાયેલ પ્રતિભાવોને આધારે જરૂરી સુધારા કરી વિગતવાર માહિતીસભર બનાવી પ્રશ્નાવલીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. પ્રશ્નાવલીમાં ચાર વિભાગો મળી કુલ ૧૦૮ પ્રશ્નો સમાવ્યા છે.

○ **ગૌણ આંકડાકીય માહિતી:**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય સ્ત્રોત પ્રાથમિક માહિતી જ હતી પરંતુ સંશોધનમાં ચોકકસતા લાવવા કેટલીક ગૌણ માહિતીનો ઉપયોગ કર્યો છે. અભ્યાસને લગતી કેટલીક માહિતી સંશોધનને લગતા પુસ્તકો, પીચ.ડી. થીસીસો, સંશોધન લેખો, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત વસ્તી ગણતરી, સામાયિકો, અહેવાલો તેમજ વિવિધ વેંબસાઇટસના માધ્યમ દ્વારા મેળવવામાં આવી છે.

- **માહિતીનું વિશ્લેષણઃ**

વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓ અંગેની માહિતી પ્રશ્નાવલી દ્વારા એકત્રિત કર્યા બાદ આ માહિતી SPSS (Statistical Package for Social Science) સોફ્ટવેરમાં દ્વિપક્ષીય કોષ્ટકો મેળવી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ઉપરાંત વિશ્લેષણના કેટલાક માપો જેવાકે મધ્યક, પ્રમાણિત વિચલન અને સહસંબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરિકલ્પના પરિક્ષણ માટે $X^2$ test નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- **અભ્યાસની મર્યાદાઓઃ**

૧. પ્રસ્તુત અભ્યાસ વલસાડ જિલ્લાના પસંદ કરેલા ૧૦ ગામોની મહિલાઓ પૂરતો જ મર્યાદિત છે.

૨. અભ્યાસ માટે પ્રશ્નાવલીનો સમય ગાળો વર્ષ ૨૦૧૦-૧૧ નો છે.

૩. પ્રશ્નાવલીના આધારે જે કઇ વ્યક્તિગત માહિતી પ્રાપ્ત થઇ છે. તેને સાચી માનીને મળેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલું હોવાથી તે સંપૂર્ણ સાચું ન પણ હોય તેવી સંભાવના રહેલી છે.

૪. મહિલાઓ પાસેથી માહિતી મેળવવા માટે જે પ્રશ્નાવલીની રચના કરવામાં આવી હતી તેમાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક, કાયદાકીય અને રાજકીય પ્રશ્નો પૂછાયા હોવાથી મહિલાઓ તેના જવાબ આપતા સંકોચ અનુભવતી હતી. આથી જે માહિતી આપવામાં આવી છે તે ભરોસાપાત્ર છે તેમ માનીને તારણો મેળવવામાં આવ્યા છે.

આમ છતાં આ અભ્યાસમાં મહિલાઓની રૂબરૂ મુલાકાત લઇ ચર્ચાઓ કરી આ અભ્યાસ વધુ અર્થપૂર્ણ તેમજ જ્ઞાનસભર બને તેની કાળજી લેવામાં આવી છે.

- **પ્રકરણ યોજનાઃ**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ માહિતીના આધારે કરવામાં આવેલ વિશ્લેષણને નીચે પ્રમાણે પાંચ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યું છે.

**પ્રકરણ-૧.** પ્રકરણ એકના બે વિભાગ પાડવામાં આવ્યા છે.

**વિભાગ -૧ :** પ્રથમ વિભાગમાં વિષય પ્રવેશ - પ્રસ્તાવના, સશક્તિકરણ અને મહિલા સશક્તિકરણની વ્યાખ્યા તેમજ મહિલા સશક્તિકરણ માટેના નિર્દેશકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

- શૈક્ષણિક સશક્તિકરણ
- આર્થિક સશક્તિકરણ
- સામાજિક સશક્તિકરણ
- કાયદાકીય સશક્તિકરણ
- રાજકીય સશક્તિકરણ

મહિલા સશક્તિકરણની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથે તુલના કરવામાં આવી છે. વિશ્વના વિભિન્ન દેશોની સંસદમાં મહિલાઓની સંખ્યા અને ટકાવારી તેમજ સહકારી ક્ષેત્ર અંગે વૈશ્વિક કક્ષાએ વિચારો વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**વિભાગ -૨:** બીજા વિભાગમાં અભ્યાસનું મહત્વ, હેતુઓ, પરિકલ્પનાઓ, કાર્યક્ષેત્ર અભ્યાસ પદ્ધતિ, અભ્યાસના સ્ત્રોત, અભ્યાસનો સમયગાળો, અભ્યાસની મર્યાદા તેમજ પ્રકરણ યોજના અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ -૨.** પ્રકરણ બે માં મહિલા સશક્તિકરણ સંબંધિત સાહિત્યની સમીક્ષા કરી છે.

**પ્રકરણ- ૩ .** પ્રકરણ ત્રણના બે વિભાગ પાડવામાં આવ્યા છે.

**વિભાગ-૧:** ગુજરાતમાં મહિલા સશક્તિકરણ (શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને તબીબી ક્ષેત્રે ) અંગેની યોજનાઓ, સહકારી મંડળીઓનો વિકાસ, સ્ત્રી-પુરુષ પ્રમાણ વગેરેની માહિતી રજૂ કરવામાં આવી છે.

**વિભાગ-૨:** વલસાડ જિલ્લાની ઓળખ, આર્થિક-સામાજિક અને વસ્તી વિષયક માહિતી, ગ્રામીણ મહિલાઓ અને તેની પરિસ્થિતિ, સહકારી મંડળીઓ, બિનસહકારી સંગઠનો વગેરે માહિતીની ચર્ચા કરી છે.

**પ્રકરણ-૪.** ચોથા પ્રકરણમાં ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે.

**વિભાગ-૧ ઉત્તરદાતાની સામાન્ય માહિતી:**

પ્રથમ વિભાગમાં પ્રશ્નાવલી દ્વારા મેળવેલ મહિલાઓની વ્યક્તિગત માહિતી અને કૌટુંબિક માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**વિભાગ-૨ આર્થિક પરિસ્થિતિઃ**

બીજા વિભાગમાં કુટુંબની આર્થિક પરિસ્થિતિમાં આવક, જાવક, ખર્ચ, બચત, દેવું, જમીન, પાક વગેરે માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

**વિભાગ-૩ મહિલા સશક્તિકરણ અંગેની માહિતીઃ**

ત્રીજા વિભાગમાં મહિલા સશક્તિકરણના નિર્દેશકોની માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

- શૈક્ષણિક સશક્તિકરણ
- આર્થિક સશક્તિકરણ
- સામાજિક સશક્તિકરણ
- કાયદાકીય સશક્તિકરણ
- રાજકીય સશક્તિકરણ

**પ્રકરણ-૫.** સંશોધનના તારણો, સૂચનો કર્યા બાદ ભાવિ સંશોધનના વિષયોનો નિર્દેશ કરવામાં આવેલ છે.

શોધ નિબંધના અંતે અભ્યાસમાં સહાયરૂપ એવા સંદર્ભ સૂચિ, પ્રશ્નાવલી અને પ્રત્યક્ષ મુલાકાતીઓની યાદી, પરિકલ્પના પરિક્ષણના પરિણામો અને અભ્યાસ દરમિયાન કાર્ય કરતી મહિલા ઉત્તરદાતાઓની કેટલીક તસ્વીરો આપવામાં આવેલ છે.

## સંદર્ભ સૂચિ :


૧. અનુપમારોય, 'મહિલા સશક્તિકરણ : પ્રશ્નો અને ચર્ચા', ' યોજના' અમદાવાદ, ઓકટોબર, ૨૦૦૮, અંક-૭ પૃ.૪

૨. પટેલ સતીષ, 'ગ્રામીણ મહિલા-સશક્તિકરણ અને માહિતી સંચાર ટેકનોલોજી', 'યોજના', ડિસેમ્બર, ૨૦૦૮, અંક-૯ પૃ. ૬૩

૩. રાષ્ટ્રપતિ માનનીય પ્રતિભાદેવી સિંઘ પાટીલના ઉદ્‌બોધનના અંશો,'સશક્ત મહિલા સશક્ત રાષ્ટ્ર', 'યોજના' અમદાવાદ, ઓકટોબર, ૨૦૦૮ અંક-૭ પૃ.૨

૪. ચૌધરી રેણુકા, 'સ્ત્રી સામર્થ્ય', 'યોજના' અમદાવાદ, ઓકટોબર, ૨૦૦૮ અંક-૭ પૃ.૮

૫. પાંડે જીતેન્દ્ર, 'મહિલા સશક્તિકરણમાં પંચાયતીરાજની ભૂમિકા', ગ્રામીણ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી, ઓગષ્ટ, ૨૦૦૬, અંક-૧૦ પૃ.૩૦

6. Rakesh Chandra,'Women Empowerment of India' philosophy@yaoo.com.

7. Doddamani Rajendra, 'Empowerment Women in India, Politics', 'Third Concept' May 2010 p.25

8. પટેલ વિનુભાઇ અને કરવેકર આરતી, 'સ્ત્રી સશક્તિકરણ દ્વારા સ્ત્રી ભ્રુણ હત્યા નિવારણ', લોક શિક્ષણ અને સશક્તિકરણ થકી સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવીએ' સ્વાસ્થ્ય સેવા ટ્રષ્ટ, અમદાવાદ, પૃ.૧૮

9. સિંહ ભાનુ પ્રતાપ, 'મહિલા સશક્તિકરણ ઔર સરકારી પ્રયાસ મહિલા સશક્તિકરણ' ઓમેગા પબ્લિકેશન, દિલ્હી, ૨૦૧૦ પૃ.૩૨૩

10. (i) U.N. D.P.Report, 1995 p. 51,57,60
(ii) Global Summit of Women, Beijing, China, World Bank, 2010

11. પટેલ રમીલા, 'મહિલા વિકાસમાં સાક્ષરતા અભિયાનની ભૂમિકા' ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૨૦૦૬ પૃ. ૪૨, ૪૫

12. ઠક્કર હેતલ, 'સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રી શિક્ષણનો ઇતિહાસ', 'યોજના', જૂન, ૨૦૧૨, પૃ. ૧૪

13. કાન્હરે ઉષા, 'સ્ત્રીઓનું સબળીકરણ', 'સંસ્કૃતિની આધારશીલા' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૨ પૃ.૨૫

14. કંપનીવાલા ફરીદા, 'મહિલા સામર્થ્યવાન વર્ષ' 'સંસ્કૃતિની આધારશીલા' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૨ પૃ.૭

15. 'Women's Economic Empowerment', Working paper, International Development Cooperation Agency(Sida) 30 December, 2009

16. Ministry of Women and Child Development, Government of India, 7 February, 2011 http://wcd.nic.in

17. ભટનાગર સ્મિતા, 'સૂક્ષ્મ ધિરાણનો પ્રબંધ એટલે આદિવાસીઓની દેવા મુક્તિ', 'યોજના' ઓક્ટોબર, ૨૦૦૮ અંક-૭ પૃ.૪૧

18. (i) Gurmeet Singh, 'Micro Finance- An innovation in Rural Credit System' 'Krukshetra' February, 2009. p.2, 6
(iii) Report of Working Group on Empowerment of Women For the XIth Five Year Plan, Planning Comission of India, January , 2006 p.44

19. પટેલ રમીલા, 'મહિલા વિકાસમાં સાક્ષરતા અભિયાનની ભૂમિકા', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૨૦૦૬ પૃ. ૪૫

20. (i) U.N. D.P. Report, 1995 p.73
(ii) Millennium Development Goals, India Country Report, UNDP, 2011

21. (i) Report of the Working Group on Empowerment of Women For XIth Five Year Plan, Planning Comission of India, January, 2006
(ii) National policy for the Empowerment of Women, 2001, htt://wcd.nic.in/empowerment.htm

22. (i) Report of the Working Group on Empowerment of Women For XIth Five Year Plan, Planning Commission of India January, 2006 p. 4, 52 to 55.
(ii) Chowdhury Renuka, 'Ministry of Women & Child Development, Shastri Bhavan, New Delhi, November, 2007 p.4, 5
(iii) મહેતા ભારતી, 'સ્ત્રી અને માનવ અધિકાર', 'યોજના' એપ્રિલ, ૨૦૧૧ પૃ.૩૪
(iv) ગામીત ગીતાબેન, 'મહિલા અને માનવ અધિકારો', 'યોજના' એપ્રિલ, ૨૦૧૧ પૃ.૪૬

23. અગ્રવાલ શારદા, 'નારીત્વ પ્રાચીનકી પગદંડી સે હોકર આધુનિકતાકી ઓર', 'મહિલા સશક્તિકરણ' ઓમેગા પબ્લિકેશન, દિલ્હી, ૨૦૧૦ પૃ.૭

24. વૈષ્ણવ બિપીનચંદ્ર 'ઇન્ડિયા એન્ડ હ્યુમેન રાઈટ્સ' ભારત સરકાર, ૧૦, માર્ચ ૨૦૧૦ પૃ. ૧૧, ૧૨

25. દેસાઇ સવિતાબેન, ' ભારતમાં સ્ત્રીઓની રાજકીય ભાગીદારી', 'યોજના' અમદાવાદ, ઓક્ટોબર, ૨૦૦૮. પૃ. ૨૮

26. શાહ કલ્પના, 'સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા', ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૯૭ પૃ.૫૯, ૬૧

27. પટેલ અમિતચંદ 'મહિલા સહકારી પ્રવૃત્તિનું પ્રદાન', 'યોજના' અમદાવાદ, ઓકટોબર, ૨૦૦૮ પૃ. ૩૬